

# કહાનગુરુ-દર્શન



નમઃ સિદ્ધેભ્યઃ

ૐ

।। શ્રી વીતરાગાય નમઃ ।।
।। શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ ।।

# કહાનગુરુ-દર્શન




: પ્રકાશક :

વિજેનભાઈ બી. શાહ
શીતલબેન આર. શાહ

લંડન

પ્રથમાવૃત્તિ - ૩૦૦૦ કહાન સં. ૨૧, વીર સં. ૨૫૨૭, વિ. સં. ૨૦૫૭, તા. ૨૫-૦૪-૨૦૦૧
વૈશાખ સુદ બીજ (પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૧૨મી જન્મ-જયંતિ)
મૂળ કીમંત : રૂા. ૪૦૦.૦૦ વેચાણ કીમંત રૂા. ૧૦૦.૦૦

પ્રાપ્તિસ્થાન :-

**VIJEN B. SHAH,** 24 Wadsworth Road, Perivale, Middlesex, UK, UB6 7JD.
Tel : +44 20 8566 7200, Fax : +44-20-8566 7200, E-mail : vijen3@aol.com

**SHEETAL SHAH,** 24 Littleton Road, Harrow, Middlesex, UK, HA1 3SU.
Tel : +44 20 8423 8127, Email : sheetal_21@yahoo.com

**SHREE DIGAMBER JAIN ASSOCATION,** 1 The Broadway, Wealdstone, Harrow, Middlesex, UK, HA3 7EH. Tel: + 44 20 8428 3005

**બ્ર. ઉષાબેન જે. દોશી,** માત દર્શન, ગોગીદેવી બ્રહ્મચર્ય આશ્રમ, સોનગઢ - ૩૬૪ ૨૫૦, સૌરાષ્ટ્ર.
ફોન: +૯૧ ૨૮૪૬ ૪૪૨૦૬

**TODARMAL SMARAK BHAVAN** પંડીત ટોડરમલ સ્મારક ટ્રસ્ટ, એ-૪, બાપુનગર, જયપુર ૩૦૨૦૧૫.
ફોન: + ૯૧ ૧૪૧ ૫૧૫૫૮૧/૫૧૦૮૮૦

**HITEN A SHETH,** 309 Veena Vihar, Sion East, Mumbai, 400 022, India.
Tel: +91 22 401 5434

**NILESH JAIN** શ્રી સતશ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦ જુની માનેકવાડી, પુજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર ૩૬૪૦૦૧.
ફોન: +૯૧ ૭૯ ૪૨૩૨૦૭. E-mail: satshrut@satshrut. org

**SIMANDER JINALAY** શ્રી સીમંધર જિનાલય, ૧૭૩/૧૭૫ મુંબાદેવી રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૨.
ફોન: +૯૧-૨૨-૩૪૨ ૫૨૪૧, ૩૪૪ ૬૦૯૯

**પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ,** લામ રોડ, કહાનનગર, દેવલાલી (નાસીક). ફોન: ૪૯૧૦૪૪

**શ્રી દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ,** પી. ઓ. બોક્સ ૪૧૨૧૭, નાઈરોબી, કેન્યા.
ફોન: +૯૧ ૨૫૪૨ ૨૨૫૪૬૮ / ૨૨૩૬૭૪.

Designed by:
**Ashok Sood**
Mumbai, India.
E-mail: ashoksood@bol.net.in

Processed & Printed by:
SONIGRAPHICS
417, Bussa Udyog Bhavan, Tokarsi Jivraj Road, Sewri, Mumbai - 400 015, India.
Tel.: +91-22-413 1807 E-mail: soni@bom3.vsnl.net.in

## આભાર દર્શન

અનંત ઉપકારી પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં અલૌકિક, આદર્શરૂપ, અદ્‌ભુત, સાતિશય અને પવિત્ર જીવનની ઝાંખી કરાવવાનો અમોએ નમ્ર પ્રયાસ કર્યો છે. તેઓશ્રીનાં વિવિધ ફોટાઓમાંથી ચૂંટેલા આ ફોટાઓ દ્વારા તેઓશ્રીની મુખમુદ્રા, ચેષ્ટા, ચાલ વગેરેનું દર્શન કરાવીને તે વડે જ્ઞાનનું બળ, વૈરાગ્યની દઢતા, ભક્તિનો ઉમંગ, પુરુષાર્થની તીવ્રતા, સંયોગની નિઃસ્પૃહતા, દુઃખી પ્રત્યે કરૂણા પ્રભાવનાનો યોગ વગેરે સાધકજીવના જુદાં જુદાં પાસાઓને ઉપસાવવાનો પ્રયત્ન કરીને તેઓશ્રીનાં અંતર-બાહ્ય જીવનવૈભવનો પરિચય આપવાનો અત્યંત કાળજીપૂર્વકનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ **'કહાનગુરુ-દર્શન'** તૈયાર કરવામાં ખાસ કરીને બ્ર. ઉષાબેન દોશી, બ્ર. વિમ્લાબેન જૈન, કેવલભાઈ શાહ, હેમંતભાઈ ગાંધી, ભીમજીભાઈ ભગવાનજી શાહ તથા નિલેશભાઈ જૈને સહકાર આપ્યો, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ. અન્ય મુમુક્ષુઓએ પણ અનેક રીતે આ કાર્યમાં સહકાર આપ્યો છે, તે બદલ તેમનો પણ આભાર માનીએ છીએ.

Our special gratitude also extends to all the staff at Sonigraphics who have been so very patient and helpful to us and have done a fantastic job in making our dream become a reality.

Please feel free to visit us at our recently launched site ***www.jaindarshan.org*** . If any one has any extraorndinary photographs of Pujya Gurudevshri, kindly contact or send them to Vijen or Sheetal in order that we may be able to publish them in the future.

- પ્રકાશક

# અમારી વાત

વીતરાગ જિનશાસનસમ્રાટ, અધ્યાત્મયોગી, અચિંત્ય જ્ઞાનવૈભવધારી, વીરમાર્ગપ્રકાશક, સીમંધરપ્રભુના દિવ્ય સંદેશા ભરતે લાવનાર સીમંધરદૂત-સીમંધરલઘુનંદન, સમયસારાદિ સત્‌શ્રુતોના રહસ્ય ઉકેલનાર, કુંદકુંદાદિ આચાર્યોના હૃદય ખોલનાર, સિદ્ધપદ સાધક મુનિવર-સંતોના પરમ ભક્ત, અમ ભક્તોના તારણહાર, અપાર કૃપાસિંધુ, કરુણાસાગર, દિવ્યદ્રવ્યદષ્ટિધારક, અનંત મહિમાવંત, સમ્યક્‌રત્નશોભિત, આત્માનુભવી સંત પૂજ્ય શ્રી સદ્‌ગુરુદેવનાં ચરણકમળમાં અત્યંત ભક્તિભાવનાપૂર્વક નિરંતર વંદના.

હે પરમ કૃપાળુ દેવ ! આ ભરતક્ષેત્રની પાવન ધરા ભારતભૂમિમાં અવતાર લઈને અને કુંદકુંદાચાર્યદેવનો માર્ગ પ્રવર્તાવીને આપે શું શું કર્યું એમ કહેવાને બદલે આપે શું શું ન કર્યું એમ કહેવું યોગ્ય ગણાશે. ખરેખર આ કાળના આપ અજોડ રત્ન છો, અચંબો છો. હજી આજે પણ ટેપમાં અને સી.ડી.માં સંગ્રહાયેલી આપની દિવ્ય દેશના વડે અને શાસ્ત્રોમાં ગૂંથાયેલ આચાર્યોના ગૂઢાર્થને સ્પષ્ટ કરનાર આપના પ્રવચન-સાહિત્ય દ્વારા આપના અંતર જ્ઞાનવૈભવની ઝાંખી થાય છે. અમારા અહો ભાગ્ય છે કે મહાવીર-સીમંધર-કુંદકુંદની વાત આપની અમૃતમય મીઠી-મધુરી વાણીમાં અમને ટેપ અને સી.ડી.ય વડે સાંભળવા મળે છે. એ અક્ષરદેહ વડે આપ અમારા માટે હજી પણ જીવંત છો અને સદાય ચિરંજીવ રહેશો. છતાં અમારા પુણ્ય ઓછા પડયા, જેથી સદેહે આપનાં દર્શન થયાં નથી.

જીવનની કોઈ મંગલ ઘડીએ અનુભવના કોલકરાર કરતી, પુરુષાર્થના રણકારવાળી અને ભવ્યજીવોને પુલકિત કરતી મેઘસમાન ગર્જતી આપની દેશના અમને મળી. તે જ પળથી આપના પ્રત્યે, આપના દિવ્ય ભાવશ્રુતજ્ઞાન પ્રત્યે અને આપની અપૂર્વ વાણી પ્રત્યે નમ્રીભૂત થયા છીએ. આપને હર્ષના આંસુ વડે પૂજ્યા, ભક્તિના ફૂલડે વધાવ્યા અને ભાવનારૂપી મણિ-રત્નના દિવડાથી આરતી ઉતારી. પરંતુ અંતરમાં ખટક રહી કે નાથને નજરે નિહાળ્યા નથી. એ ખટક જ **'કહાનગુરુ-દર્શન'** ની રચનામાં કારણભૂત થઈ છે. આપના પ્રત્યક્ષ દર્શન ન થયા તેની ખટક નિવારવા અને આપનો વિરહ ટાળવા આ ચિત્રદેહની રચના કરી છે. આ ફુલની પાંખડી સમાન અતિ-અલ્પ ભેટણું અત્યંત ભાવભીની ભક્તિપૂર્વક આપના ચરણોમાં અર્પણ કરીએ છીએ. આ પરોક્ષ દર્શન દ્વારા આપના મહિમા માં ઉછળતી પ્રતિભા, મહત્તા ઉપસાવવા કિંચિત્ પ્રયત્ન કર્યો છે, અમારી અંતર ભરેલી ભાવનાને વ્યક્ત કરી છે.

આપનાં અધ્યાત્મ-ઘોલનનું પ્રતિબિંબ પાડતી અતિ ગંભીર મુખમુદ્રા, નિજ શુદ્ધાત્મતત્ત્વના પ્રત્યક્ષ અનુભવજ્ઞાનનો ચિતાર આપતું સ્પષ્ટ મુંઝવણવિહીન મુખકમળ, અંતર અતીન્દ્રિય આનંદનો પડઘો પાડતું પ્રસન્ન નિર્દોષ હાસ્ય અને સ્વરૂપ સન્મુખના પુરુષાર્થને બતાવતી દૃઢ મુખાકૃતિ હૃદય ડોલાવી દે છે. સર્વજ્ઞ વીતરાગ જિનેન્દ્ર ભગવાનના દર્શન-અભિષેક-પૂજન-ભક્તિમાં એકાકાર ભક્તિભાવભર્યું આપનું ચિત્ર, 'અપૂર્વ અવસર' કાવ્યના પઠન વખતે વૈરાગ્યરસમાં ઝૂલતાં એવા આપનું ચિત્ર, તત્ત્વજ્ઞાનના અપૂર્વ ભાવોને ખોલતું ઉલ્લાસભર્યું આપનું ચિત્ર, પુરૂષાર્થની વાત કરતી વખતે ઉમંગ-ઉત્સાહભર્યું આપનું ચિત્ર જોતાં જ ભૂલી જવાય છે કે આપનો વિરહ છે. બસ, તન ચરણોમાં ઢળી પડે છે, વચન મૌનપણાને ધારણ કરે છે, મન આપના ગુણગાનમાં લાગી જાય છે અને અંતરના ભાવ નયનના આંસુ વડે વ્યક્ત થઈ જાય છે.

અંતમાં, હે ઉપકારી કહાન ગુરુદેવ ! અમારાથી પૂર્વે કોઈ ખામી રહી ગઈ હશે, જેથી આ ભવમાં અમને આપનાં પ્રત્યક્ષ-સાક્ષાત્-સદેહે દર્શન થયાં નથી, માત્ર અક્ષરદેહ અને ચિત્રદેહથી સંતોષ માનવો પડયો છે. પરંતુ હવે અમે આ અવતારમાં એવી આરાધના-ઉપાસના-સાધના કરશું કે જેના કારણે આપનું જ શરણ-સાનિધ્ય અમને મળશે. - આવો કોલકરાર અમે કરીએ છીએ.

*— અમે છીએ*
*આપના બાળકો.*



સીમંધર ભગવાનની વાણીની શું
મહિમા થાય ? આ તો ઉલ્લાસ આવ-
વા લખાઈ જાય છે.

સમવસરણમાં સીમંધર ભગવા-
નના દર્શન થતા બહુ ઉલ્લાસ આવે
છે. વંદન થઈ જાય છે.

ગણધરદેવ અને મુનિરાજો યાદ
આવે છે ને રહેવું ગમી પડે છે
ભગવાન વારંવાર • યાદ આવવાથી
અપૂર્વ દર્શન થવાથી ઉલ્લાસ આવતા
લખાઈ જાય છે.

એ ભગવાન જુદા, ભગવાનની વાણી
જુદી, ભગવાનની વિભુતી, રત્નની અનેક વસ્તુઓ
થી ભરપુર સમવસરણ બધુ જુદુ હોવાથી
આશ્ચર્યકારી અદ્ભુત છે

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના હસ્તાક્ષર (જાતિસ્મરણ નોટમાંથી)



મીઠાં-મધુરાં ગુંજારવમય દિવ્યધ્વનિદાતા વ્હાલાં સીમંધર ભગવાન


કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહક્ષેત્રમાં પધાર્યા
હતા તે પ્રસંગ ઘણી વાર યાદ આવે
છે. મહા સમર્થ કુંદકુંદાચાર્યદેવના
ચરણોમાં નમસ્કાર હો. વંદન હો.

સમવસરણમાં સીમંધર ભગવાન
ની વાણીમાં આવ્યું હતું કે આ
રાજકુમાર ભવિષ્યે તીર્થંકર થવાના
છે તે વાત પણ વારંવાર યાદ
આવે છે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના હસ્તાક્ષર (જાતિસ્મરણ નોટમાંથી)



ભરતક્ષેત્રના મહાસમર્થ કુંદકુંદાચાર્યદેવ

હે જિજ્ઞાસુ ! તું તો નિગોદમાંથી બહાર નીકળ્યો છે, મનુષ્યપણું પામીને પંચમ પરમભાવને બતાવનારી જિનવાણી સાંભળવા આવ્યો છે, સાંભળે છે તો તું પરમાત્મપણે પરિણમી શકે એવો જ છો. અમે તને કહીએ છીએ કે તું સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો માટે સંદેહ ન કર, નિઃસંદેહ થા. અમે તને કહીએ છીએ કે તું સ્વભાવપણે પરિણમવાને લાયક છો, તો પછી તું નિઃસંદેહ કેમ થતો નથી ? અમે તો ભગવાનને અનુસરીને તને આ કહીએ છીએ, માટે તું નિઃસંદેહ થા, વિશ્વાસ લાવ. પંચમ આરો કે ઓછા પુણ્ય કે ઓછપને લક્ષમાં ન લે. તું પૂરણ પરમાત્મતત્ત્વ છો ને તેપણે પરિણમવાને લાયક જ છો. અભવ્ય જેમ પરિણમવાને લાયક નથી તેમ નિત્યનિગોદના જીવ પરિણમવાને લાયક નથી એમ નથી. તો પછી તું જિજ્ઞાસાથી આ સાંભળવા આવ્યો છો, માટે તું પરિણમી શકે એવો છો — એમ નિઃસંદેહ થા. ભલે કોઈ રાગાદિ હોય પણ એ તને નડતર નથી, એ તો જ્ઞાનના જ્ઞેય તરીકે વિષય છે. માટે તું હીણપ ને ઓછપનો આશ્રય છોડ ને સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો એમ નિઃસંદેહ થા !

(પૂ. ગુરુદેવ)



પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી


આ બધો પ્રતાપ શ્રી પરમ કૃપાળુ ગુરુદેવનો જ છે
અપૂર્વ ગુણધારી પૂ. ગુરુદેવના ચરણો-
માં વારંવાર નમસ્કાર. પરમાગમ શાસ્ત્રો
ના પ્રકાશનાર અનુપમ શ્રુતધારી, જેમની
વાણી સાંભળતા ચૈતન્ય શ્રુત ખુલે
એવા ગુરુદેવની શું મહીમા થાય!
જેમણે સમયસાર, પ્રવચનસાર, પંચા-
સ્તિકાય, નીયમસાર, અષ્ટપાહુડ, વગેરે
શાસ્ત્રો તથા ધવલ, જયધવલ, મહા-
ધવલ વગેરે શાસ્ત્રોની મહીમા પ્રકા-
શી તે શાસ્ત્રોની સુક્ષ્મતાને પ્રકાશ-
નાર, કેવળજ્ઞાન સ્વભાવની સુક્ષ્મતા-
નું ધ્યાન કરાવનાર, જ્ઞાયક દ્રવ્યની
મહીમા પ્રકાશનાર, તેનું ગહન સ્વરૂપ
બતાવનાર મુક્તિમાર્ગને બતાવનાર
એવા કહાન ગુરુદેવના ગુણોનું શું
વર્ણન થાય।

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના હસ્તાક્ષર (જાતિસ્મરણ નોટમાંથી)



સ્વાનુભૂતિ વિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેન



पू. गुरुदेवश्री की अनुभव रस से
भीगी हुई वाणी जहां कर्ता कर्म अधिकार
की चर्चा कर रही है - अहा! आपकी
इस हार्दिक भावना का मैं हृदय से स्वागत
करता हूं कि मैं भी आप सबों के संग
इस वर्षा में स्नान करूं -
अरे विकल्प! यदि तुझे तेरी
आयु प्रिय है तो आज सब को गौणकर
व गुरुदेव के संग में ले चलूं वरना अब
दिया हुआ ~~अत्यन्त~~ वीतरागी अरस शौर्य
ही तेरा अंत कर डालेगा -

પૂજ્ય સોગાનીજીના હસ્તાક્ષર



પુરુષાર્થમૂર્તિ પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની

# અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

સંવત ૧૯૪૬, વૈશાખ સુદ બીજ, રવિવારના દિવસે ભારતવર્ષમાં બે સૂર્ય એક સાથે ઉદીત થયા,



એક સૂર્ય આકાશમાં કાળઝાળ ગરમી રેલાવા ઉદય પામ્યો, જ્યારે બીજો સૂર્ય લોકોના અજ્ઞાન અંધકારને હરી સમ્યક્જ્ઞાનપ્રકાશ પાથરવા માટે ઉદીત થયો. અનાદિ કાળથી પરમાંથી સુખ લેવા માટે આકુલિત થયેલી પરિણતિને પરમ શાંત રસમય અમૃતપાન કરાવવા માટે આ સૂર્યનો ઉદય થયો હોય એમ લાગે છે. સૌરાષ્ટ્રના ઉમરાળા નામના નાનકડા ગામમાં આજે લોકોના આનંદનો પાર નથી. કુદરત આનંદથી પ્રમુદિત થઈ ઉઠી છે. રોજ કાળઝાળ ગરમી રેલાવતો સૂર્ય પણ આજે પ્રમાણમાં કાંઈક શાંત હોય તેમ લાગી રહ્યું છે. શું કારણ છે આનું ? શા માટે લોકો આનંદથી ઉલ્લસિત થઈ રહ્યાં છે ? વાતાવરણમાં પ્રફુલ્લિતતા શા માટે છે ? ભારતવર્ષની બહુરત્ન વસુધંરા શા માટે આજે થનગની રહી છે ? આકાશમાં શા માટે દુંદુભી નાદ સંભળાઈ રહ્યો છે ? કારણ કે આજે મોતીચંદભાઈ તથા ઉજમબા માતાને ત્યાં એક પવિત્ર આત્માનું આગમન થયું છે. સગાસંબંધીઓ બાળકની મુખમુદ્રા જોતાં તૃપ્તિ પામતા નથી. માત-પિતાના હર્ષનો પાર નથી. જોષી જોષ જોવા આવ્યા છે. બાળકને વિસ્મિત નેત્રથી જોઈ રહે છે અને કહે છે કે, 'આ બાળક તો જગત તારણહાર છે. જાણે કોઈ અસાધારણ આત્મા પધાર્યા છે.' જોષીના વચનો સાંભળીને માત-પિતાનો આનંદ બમણો થાય છે. બાળકનું નામ **'કાનજી'** રાખવામાં આવે છે.

ઉમરાળા જેવા ધૂળીયા ગામમાં 'કાનજી'નું જીવન આનંદથી વ્યતીત થઈ રહ્યું છે. અતિશય ગોરો વાન અને કોમળ શરીર જોઈને 'કાનજી'ના મિત્રો તેને 'મઢમ' કહીને ચીડવે છે અને ઘરના સંબંધીઓ પણ 'પૂઈ' કહીને ક્યારેક બોલાવે છે. અંતરંગમાં છવાયેલી પવિત્રતા, કોમળતા, નિઃસ્પૃહતા તથા ઉદાસીનતા જાણે કે



બાહ્ય દેહમાં પણ પ્રસરી રહી છે. તેજ બુદ્ધિમત્તાને કારણે નિશાળમાં પ્રાયઃ પ્રથમ નંબરે પાસ થાય છે. સૌ પ્રથમવાર પોતે શીખે છેઃ 'सिद्धोवर्णसमाम्नायः' (વર્ણ ઉચ્ચારનો સંપ્રદાય સ્વયંસિધ્ધ છે.) લૌકિક અભ્યાસની સાથે-સાથે જૈનશાળામાં પણ અભ્યાસ કરવા જાય છે અને ત્યાં પણ પ્રથમ નંબર રાખે છે. જૈનશાળામાં અભ્યાસ કરતાં-કરતાં લૌકિક અભ્યાસમાંથી રસ ઉડી જાય છે અને ૧૩ વર્ષની ઉંમરે છ ધોરણ સુધી ભણીને અભ્યાસ છોડી દે છે. જે લોકોનો

તારણહાર છે તેને આવા તુચ્છ લૌકિક ભણતરમાં ક્યાંથી રસ આવે ? ગામમાં પ્લેગ નામનો રોગચાળો ફાટી



નીકળતાં ગારિયાધાર આવે છે. વ્યવસાય અર્થે પિતા મોતીચંદભાઈ સંવત ૧૯૫૯માં પાલેજ આવે છે તેથી પોતે પણ પાલેજ આવી જાય છે.

'કાનજી' પ્રથમથી જ સૌમ્યતા, નિર્દોષતા, નિડરતા, પ્રમાણિકતા, નિઃસ્પૃહતા જેવા અનેક સદ્‌ગુણો ધરાવે છે. આ ગુણો નિમ્નલિખિત પ્રસંગ ઉપરથી જોઈ શકાય છે.

૧૭ વર્ષની ઉંમર છે. 'કાનજી' દુકાન ઉપર બેઠા છે, એવામાં પોલીસ દિવાળીની બક્ષિસ લેવા આવે છે. બક્ષિસ માટે રકઝક ચાલે છે અને પોલીસવાળા નારાજ થઈને ચાલ્યા જાય છે. પોલીસ 'કાનજી' ઉપર અફીણનો ખોટો કેસ દાખલ કરે છે. વડોદરાની કોર્ટમાં સાક્ષી આપવાની આવે છે. 'કાનજી'ની પ્રતિભા, નિર્દોષતા તથા નિડરતા જોઈને ન્યાયાધીશ એમ કહે છે કે આમને પાંજરામાં નહીં, પણ બહાર ઉભા રાખો. ત્રણ કલાક ચાલેલી ઉલટ-તપાસમાં 'કાનજી' બહુ જ નિડરતાથી, નિઃશંકતાથી તથા પ્રમાણિકતાથી બધા જ પ્રશ્નોના જવાબ આપે છે. ત્યારબાદ અદાલત પાલેજમાં આવે છે અને ચુકાદો આપે છે કે આ કેસ તદ્દન ખોટો છે. આ કેસ માટે થઈને જે કાંઈ ખર્ચ થયો હોય તે પોલીસ પાસેથી વસુલ કરી શકે છે. પરંતુ આ તો વિદેહના વાસી, કરુણાના સાગર, લૌકિક ન્યાય-નીતિ પર ચાલવાવાળા અલૌકિક પુરુષ. તે સામાન્ય લોકોની તોલે કઈ રીતે આવી શકે ? પોતે પોલીસ પાસેથી કાંઈ પણ લેતા નથી અને કેસ પૂરો થાય છે.

એક વખત ભાગીદાર સાથે દુકાનનો માલ લેવા માટે મુંબઈ જાય છે. માલ ખરીદીને મુંબઈથી ટ્રેન દ્વારા પાછા ફરતી વખતે માલ-સામાન ઘણો વધી જાય છે. એટલે ભાગીદારને વધારાના વજનની ટિકિટ લેવા જવા કહે છે. ત્યારે ભાગીદાર કહે છે કે 'વધારે વજનની ટિકિટ શું કરવા લેવી ? અહીંથી બેઠા પછી કોણ પૂછવાનું છે ? અને પાલેજના સ્ટેશન માસ્તર આપણા ઓળખીતા છે માટે આપણને કાંઈ નહીં કરે, જવા દેશે.' ત્યારે તરત જ 'કાનજી' કહે છે કે 'નહીં, આપણે આવું ખોટું ન કરાય. વધારે વજનના જેટલા પૈસા લાગે તેટલા ભરી ધ્યો.'

સંવત ૧૯૬૩માં પાલેજમાં રામલીલા ભજવતી નાટક મંડળી આવે છે. રાત્રે પોતે રામલીલા જોવા જાય છે. આ બાજુ વૈરાગ્યથી સભર રામલીલા ભજવાઈ રહી છે અને બીજી બાજુ કાનજીની હૃદયોર્મિઓ વૈરાગ્યના શાંતરસથી તરબોળ થઈ રહી છે. મંગળમય ઉજ્વળ ભાવિનો સૂચક અને પૂર્વે આરાધના થી સીંચેલો પૂર્વજ સંસ્કારનો એક અંકુર



ફૂટી નીકળે છે. વૈરાગ્યની એવી તો ધૂન ચડે છે કે અંદરથી સ્ફુરણા થાય છે અને રોમ-રોમમાંથી એક ધ્વનિ સરી પડે છે : "શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ....." રોમાંચ ઉલ્લસિત થાય છે અને ભાવનાના પ્રવાહમાં ને પ્રવાહમાં બાર લીટીની છ કડી બની જાય છે. અહો ! ધન્ય છે એ ઉદાસીનતાને !! મુખમુદ્રા ઉપર સદાય અંકિત રહેતી વૈરાગ્યરસસભરતા તથા નેત્રોમાં તરવરતું બુદ્ધિ તેમ જ વીર્યનું તેજ કોઈ અસાધારણતાના અને અલૌકિકતાના દર્શન કરાવે છે.

સંવત ૧૯૬૪માં ૧૮ વર્ષની ઉંમર છે. વડોદરામાં સતિ અનસુયાનું નાટક જોવા જાય છે. નાટક ચાલી રહ્યું છે. સતિ અનસુયા એના પુત્રને ઘોડિયામાં સુવડાવીને હિંચકાવી રહી છે અને હાલરડું ગાઈ રહી છે : "બેટા ! शुद्धोसि, बु द्धो सि, निर्विकल्पोसि, उदासीनोसि...." બસ ! પછી તો વહેતાં વૈરાગ્યના ઝરણાંને ઢાળ મળી ગયો અને પૂરની જેમ વહેતાં આ વૈરાગ્યના ઝરણાં વચ્ચે પોતે જાણે કે શુદ્ધ હોય, બુદ્ધ હોય એવો કાંઈક ભાસ થવા લાગ્યો. રુચિપૂર્વક ઝીલાયેલા પૂર્વના અધ્યાત્મના સંસ્કાર ફરીવાર થનગને છે. એકવાર પણ યથાર્થ રુચિપૂર્વક ગ્રહણ કરેલા સ્વરૂપના સંસ્કાર નિષ્ફળ જતા નથી.



પાલેજમાં દુકાનનો વ્યવસાય સંભાળતા-સંભાળતા આ પ્રકારે વૈરાગ્યના પ્રવાહને કારણે વ્યાપારમાં ક્યાંય રસ આવતો નથી. દુકાનના કામમાંથી નવરાશ મળતાં પોતે સ્વાધ્યાય કરે છે. અંતરંગ ઉદાસીનતા સહિત બાહ્યમાં આવા પ્રકારની રસરહિત પ્રવૃતિ જોઈને ઘરના લોકો તેમને 'ભગત' કહીને બોલાવે છે. વ્યવહારિક રીતે ડાહ્યા કહેવાતા લોકોને તે ઘેલા લાગે છે, પરંતુ લોકો જેને ઘેલા માને છે એવા 'ભગત' પ્રભુ પાસે વહેલા છે. આવા વૈરાગ્ય-ઉદાસીન-રસથી તરબોળ કાનજીને દીક્ષા લેવાના ભાવ આવે છે. પાલેજમાં પાંચ વર્ષ પ્રમાણિકતાથી ધંધો કરે છે તે દરમ્યાન, જેના સંસારનો હવે છેડો આવી ગયો છે અને જે થોડાં જ સમયમાં મુક્તિરૂપી કામિનીને વરવાના છે એવા 'કાનજી' માટે લાખોપતિની કન્યાનું કહેણ આવે છે. પરંતુ પોતાની ભાવના દીક્ષા લઈ જાવજીવ બ્રહ્મચર્ય પાળવાની હોવાથી લગ્નની સાફ ના કહી દે છે. પ્રિયજનોના અભિપ્રાય વિરૂદ્ધ એવી પોતાની ભાવનામાં - પોતે પોતાના નિર્ણયમાં - મક્કમ રહે છે અને દીક્ષા લેવા માટે કોઈ યોગ્ય ગુરુની શોધમાં નીકળી પડે છે. ઘણા સાધુઓ જોયા, પરંતુ મન ક્યાંય ઠર્યું નહિ. અંતતઃ બોટાદ સંપ્રદાયના હીરાચંદજી મહારાજના સંપર્કમાં આવ્યા અને ત્યાં મન ઠરતાં તેમની પાસે દીક્ષા લેવાનું નક્કી કર્યું.



વિ. સં. ૧૯૭૦, માગસર સુદ નોમના દિવસે હાથીના હોદ્દે દીક્ષા પ્રસંગ ચાલી રહ્યો છે. હાથી ઉપર ચડવા જતાં નિસરણીમાં ધોતિયું ભરાવાથી ફાટે છે. મનમાં પ્રશ્ન ઉદ્દભવે છે : કંઈક ખોટું થાય છે. કુદરતનો સંકેત શું છે ? શું વસ્ત્ર સહિત મુનિપણું નહિ હોય ? તેમના થકી સનાતન દિગંબર

જૈનધર્મનો પ્રચાર અને પ્રસાર થવાનો છે તેનો આ કુદરતી સંકેત છે.

દીક્ષા લીધા બાદ તરત જ શ્વેતાંબર શાસ્ત્રોનો ગહન અને ઊંડો અભ્યાસ શરૂ થાય છે. અભ્યાસની ધૂન પાછળ બીજો નકામો સમય વેડફાય તે પોષાતું નથી. અંતરંગમાં સત્ય શું છે ? તેની ખોજ ચાલી રહી છે. સંપ્રદાયની રીત પ્રમાણે પાતરા રંગવામાં સમય જાય છે તે પણ ગમતું નથી. એકવાર બોલ્યા કે 'આ શું ? સ્વાધ્યાય છોડીને આ કરવું ?' ત્યારે ગુરુ મહારાજે કહ્યું કે 'તો પછી પાતરા વિનાના ગુરુ શોધી લાવજે.' કોને ખબર કે આ જ કાનજી મહારાજ પાતરા વિનાના કુંદકુંદાચાર્યદેવનો માર્ગ પ્રવર્તાવશે. સંપ્રદાયની દરેક ક્રિયાઓનું કડકપણે અને ચુસ્તતાથી પાલન કરે છે. થોડા જ વખતમાં તો લોકોમાં એમ વાતો ચાલવા લાગે છે કે 'કાનજીસ્વામી ફરતે કેવળજ્ઞાન આંટા મારે છે.' આવી પ્રસિદ્ધિ અને પ્રભાવ વચ્ચે પણ પોતાને જે સત્યની શોધ ચાલે છે તે ચાલુ જ રહે છે. સંપ્રદાયના શાસ્ત્રોમાં આવતી વાતોમાં મેળ બેસતો નથી અને સ્વયંના અંતરપટમાંથી જ સિદ્ધાંતિક વાતો સ્ફૂરિત થવા લાગે છે. જે નીચેના પ્રસંગ ઉપરથી જોઈ શકાશે.

દીક્ષા લીધા બાદ જાહેર પ્રવચનમાં કહે છે કે 'જીવ સ્વતંત્રપણે વિકાર કરે છે, કર્મ વિકાર કરાવતું નથી. પોતાના ઊંધા પુરુષાર્થથી જીવ વિકાર કરે છે અને સ્વયંના પુરુષાર્થથી તે વિકારને ટાળે છે' આવી સિંહગર્જના સાંભળતા કાયરોના કાળજાં કાંપી ઉઠે છે. પરંતુ તેમના પ્રભાવ સામે કોઈ બોલી શકતું નથી. હજી તો દિગંબર શાસ્ત્રો હાથમાં આવ્યા નથી તે પહેલાં અંદરના સંસ્કાર કેવા જાગૃત થઈને બહાર આવી રહ્યાં છે !! જે પોતે પૂર્ણ વીતરાગ થવા નીકળ્યા તેમને વીતરાગતાના સંસ્કાર અંદરથી જ સ્ફૂરિત થાય છે. જે પોતે પ્રચંડ પુરુષાર્થ ફોરવીને પૂર્ણ થવાને પંથે નીકળ્યા તેમની વાણીમાં પુરુષાર્થહીનતાની વાત કેવી રીતે આવે ? જેનું વીર્ય અંદરથી ફાટ-ફાટ થતું હોય તેને કોણ રોકી શકે ? અહો ધન્ય છે તેમની આવી શૂરવીરતાને !!

સંવત ૧૯૭૧માં વેજલકા ગામે એક સ્વપ્ન આવે છે. સ્વપ્નમાં એમ દેખાય છે કે આખું આકાશ શાસ્ત્રોથી ભરાઈ ગયું છે. જાણે કે પરમાગમ મંદિરના સંકેત આવ્યા !! અહો ! જેમની નિર્મળ શ્રુતજ્ઞાનની ધારામાંથી સમ્યક્ મોક્ષમાર્ગના રહસ્યોદ્‌ઘાટન થવાના છે અને ભરતક્ષેત્રમાં જેમના થકી શાસ્ત્રોની પ્રભાવના થવાની છે તેમને કુદરતી સંકેત જાણે કે આવવા લાગ્યા !!

સંવત ૧૯૭૨ના ફાગણ માસમાં ચર્ચા ચાલે છે. ગુરુભાઈ વારંવાર એમ કહે છે કે 'કેવળીએ દીઠું હશે તેમ થશે. આપણે શું કરી શકીએ ? કેવળીએ દીઠું હશે તો પુરુષાર્થ થશે.' થોડો વખત તો પોતે આવી વાત સાંભળી લે છે. પરંતુ એક દિવસ તેમને કહે છે કે 'કેવળીએ જોયું હશે તેમ થશે તે વાત તો બરાબર, પણ કેવળજ્ઞાન જગતમાં છે તેની પ્રતીતિ કોને થાય ? કે જ્ઞાનસ્વભાવી આત્માની દૃષ્ટિ જેને થઈ તેને જ તેવી પ્રતીતિ થાય છે અને ત્રણકાળ-ત્રણલોકને જાણે એવું કેવળજ્ઞાન જેને અંતરમાં બેઠું તેના ભવ ભગવાને જોયા જ નથી.' અહા ! દીક્ષા લીધાને હજુ બે વર્ષ થયા છે, તેમ છતાં તેમના અંતરંગમાંથી કેવી પુરુષાર્થપ્રેરક વાતો આવે છે ! કોઈ ક્યારેક પુરુષાર્થહીનતાની વાતો કહે તો ગમતી નથી.

આમ અનેક પ્રકારે પૂર્વ સંસ્કારો બહાર આવતા રહે છે અને અંતરંગમાં સત્યની શોધ ચાલુ રહે છે. સંપ્રદાયના શાસ્ત્રોમાં આવતું જિનપ્રતિમા સંબંધી વિપરીત નિરૂપણ, સિદ્ધાંતિક વિપરીતતા ઇત્યાદિક માલૂમ પડતાં સંપ્રદાય ઉપરથી વિશ્વાસ ઊઠી ગયો. એકવાર ગુરુ હીરાચંદજી મહારાજ કહે છે કે, 'કાનજી તું સભામાં વાંચ' ત્યારે કહે છે કે, 'મહારાજ ! હું વાંચવા નથી આવ્યો, પણ હું તો મારા આત્માનું કરવા આવ્યો છું.' છતાં કોઈ-કોઈવાર ન છૂટકે જાહેરમાં વાંચવું પડે છે. અંતરંગ વારંવાર પોકારે છે કે સત્યને મારે જ શોધવું પડશે. ગામેગામ વિહાર કરે છે. વિહાર કરતી વખતે પણ પોતે ક્રિયાઓનું કડક પાલન કરે છે અને દિવસે-દિવસે તેમની ખ્યાતિ તથા પ્રસિદ્ધિ વૃદ્ધિગત થાય છે.

સંવત ૧૯૭૬માં દામનગરમાં ચર્ચા ચાલે છે કે, 'મિથ્યાદૃષ્ટિ હોય ત્યાં સુધી જ મૂર્તિપૂજા હોય,




સમકિત થયા પછી મૂર્તિપૂજા ન હોય.' ત્યારે પોતે કહે છે કે, 'સમકિતીને જ સાચી મૂર્તિપૂજા હોય, મિથ્યાદષ્ટિને ન હોય. કારણ કે મૂર્તિ એ સ્થાપના છે, સ્થાપના એ નિક્ષેપનો ભેદ છે અને નિક્ષેપ જેને નય હોય તેને જ લાગુ પડે છે. નય સમ્યક્ શ્રુતજ્ઞાન હોય તેને જ હોય છે, મિથ્યાદષ્ટિને નહિ. માટે સાચી મૂર્તિપૂજા સમ્યક્દષ્ટિને જ હોય છે.'

આ જ પ્રકારે બીજી ચર્ચામાં કોઈ કહે છે કે, 'વિકાર થવામાં કર્મના ૪૯% અને જીવના પુરુષાર્થના ૫૧% રાખો.' ત્યારે પોતે કહે છે કે, 'ના, વિકાર થવામાં એક પણ ટકો કર્મનો નથી. સોએ સો ટકા જીવના જીવમાં છે અને સોએ સો ટકા કર્મના કર્મમાં છે.' અહો ! કેવા અદ્‌ભુત સિદ્ધાંતો અંદરથી સ્ફુરાયમાન થાય છે !

સંવત ૧૯૭૭માં વાંકાનેરમાં સ્થિરતા દરમ્યાન એક અદ્‌ભુત પ્રસંગ બને છે. ૐકાર ધ્વનિ સંભળાય છે અને સ્વપ્નમાં ઊંચા દેહવાળો તથા ઝરીવાળા કપડાં પહેરેલ એક રાજકુમાર આવે છે. કોઈવાર 'હું તીર્થંકર છું,' એમ પણ આવે છે અને ત્યારે પોતે આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય છે. પરંતુ કોઈ મેળ ખાતો નથી.

જે સત્યને પોતે શોધે છે તે મળતું નથી અને મનમાં ચાલી રહેલા અસમાધાન તથા શંકાઓનું નિરાકરણ થતું નથી, તેથી ક્યાંય ચેન પડતું નથી. પરંતુ જ્યાં ચાહ છે ત્યાં રાહ છે અને ભાવના સાથે કુદરત બંધાયેલી છે એ સિદ્ધાંત અનુસાર એ મંગળ ઘડી આવી પહોંચી. સંવત ૧૯૭૮ના ફાગણ માસમાં દામનગરમાં ત્યાંના દામોદર શેઠ આવીને સમયસાર શાસ્ત્ર આપે છે. જેમનો માર્ગ પ્રવર્તાવવાનું સૌભાગ્ય તેમના લલાટે લખાયેલું છે એવા ભરતના સમર્થ આચાર્ય કુંદકુંદાચાર્યદેવ દ્વારા વિરચિત ગ્રંથાધિરાજ સમયસાર હાથમાં આવ્યું. શાસ્ત્ર જોતાં જ હૃદયોદ્‌ગાર સરી પડે છે : **'શેઠ ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'** અહો ! કેવા પૂર્ણતાના ભણકાર આવે છે ! અહો ! જેને પોતે ઝંખી રહ્યાં હતાં, જેને માટે દિવસ-રાત ખોજ ચાલતી હતી તે હાથમાં આવતાં અંતરમાં આનંદનો પાર રહેતો નથી. બસ ! પછી તો સમયસારના એક-એક વાક્યમાં, એક-એક પંક્તિમાં નિહિત અમૃતનું પાન કરવા અર્થે પોતે સવારે આહાર લઈને ગામની બહાર એક ઊંડા ખાડામાં જઈને સ્વાધ્યાય કરે છે. જેમ ઝવેરીની નજર સાચા મોતીમાં કે માણેકમાં રહેલ ચમકને પારખીને તેની કિંમત કરે છે તેમ સમયસારમાં રહેલ રત્નોની કિંમત તેમના જ્ઞાનરૂપી નેત્રમાં અંકિત થઈ જાય છે. સમયસાર વાંચે છે ત્યારથી જ પર્યાય ક્રમસર-ક્રમબદ્ધ થાય છે તેમ અંતરંગમાંથી આવે છે.

સંવત ૧૯૭૮માં વિંછીયામાં વૈશાખ વદ આઠમના દિવસે ફરી એકવાર ૐકાર ધ્વનિ આવે છે. પહેલાં આખો ૐ આવે છે અને ત્યારબાદ અડધો ૐ આવે છે. આ વખતે તો સાથે સાડા બાર કરોડ વાજા પણ સંભળાય છે. સંપ્રદાયમાં ૐકારની માન્યતા નથી તો પછી આ શું આવે છે ? અંતરંગમાં બધો ફેરફાર થવા લાગે છે. ત્યારબાદ તો અનેક દિગંબર શાસ્ત્રો હાથમાં આવે છે અને પ્રત્યેક શાસ્ત્રોનો ગહન અભ્યાસ કરે છે. સંપ્રદાયમાં જાહેર પ્રવચનોમાં અનેક સિદ્ધાંતિક રહસ્યોનું ઉદ્‌ઘાટન થવા લાગે છે.

સંવત ૧૯૮૩માં એકવાર ચર્ચા ચાલે છે. તેમાં એક શેઠ એમ કહે છે કે, 'કાળલબ્ધિ પાકશે ત્યારે મોક્ષ થશે. તેમાં પુરુષાર્થ શું કરવો ?' ત્યારે પોતે મોક્ષમાર્ગ પ્રકાશકનો આધાર આપે છે. તેમ છતાં વધારે દલીલ થાય છે અને પોતે કહે છે કે, 'શેઠ ! વાદવિવાદ ન કરો. કેમ કે ખોજી જીવે છે અને વાદી મરે છે.

સંવત ૧૯૮૫માં બોટાદમાં એકવાર પ્રવચનમાં કહે છે કે, 'જે ભાવે તીર્થંકરપ્રકૃતિ બંધાય તે



ભાવ ધર્મ નથી. જે ભાવથી બંધ થાય તે ધર્મ ન હોય અને મીઠાશથી કહીએ તો તે અધર્મ છે.' અહો ! આવું કહેવાનું સામર્થ્ય તીર્થંકરદ્રવ્ય સિવાય કોનું હોય ? આમ અનેકાનેક દિગંબર જૈન સિદ્ધાંતોનું યથાર્થ પ્રતિપાદન થવા લાગે છે.

સંવત ૧૯૯૦માં રાજકોટમાં સમયસાર ઉપરના જાહેર પ્રવચનો દરમ્યાન કહે છે કે, **'પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે.'** પૂર્ણતા એટલે સાધ્યરૂપ મોક્ષ. સ્વયંના ઘણા જ ઊંડા મંથનમાંથી નીકળેલું આ સૂત્ર મુમુક્ષુજીવ માટે દિશાબોધ સમાન છે તેમ જ ક્યાંથી અને કેવી રીતે શરૂઆત કરવી તેનું સૂચક છે.

આ જ અરસામાં તેઓશ્રી જાહેર કરે છે કે 'હું સંપ્રદાયમાં રહેવાનો નથી.' બસ ! ખળભળાટ થઈ ગયો ! સંપ્રદાયનો કોહિનૂર હીરો સંપ્રદાય છોડવાની વાત કરે છે ?! જેમને પૂર્ણતા સાધ્ય કરવી છે, જેમને પૂર્ણ વીતરાગ થવું છે તે લોકોના કે સંપ્રદાયના બંધનમાં કેવી રીતે રહી શકે ? જે ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે તે સમાજના પ્રતિબંધમાં કેવી રીતે બંધાય ? આ તો સિંહને વાડામાં પૂરવા જેવી વાત છે. આમ સમાજમાં માન મળતું હોવા છતાં પોતે પરમ નિઃસ્પૃહતાથી સત્યને ખાતર સંપ્રદાય છોડવા તૈયાર થાય છે. સંપ્રદાય છોડવાના નિર્ણયથી અનેક પ્રકારના વિરોધ થાય છે, લોકો ધમકીઓ આપે છે, છતાં પોતે નિઃશંકતાથી તથા નિર્ભયતાથી સંપ્રદાય છોડવાના નિર્ણય ઉપર મક્કમ રહે છે.



સંવત ૧૯૯૧ના ચૈત્ર સુદ તેરસ, મંગળવાર શાસનનાયક મહાવીરસ્વામી ભગવાનના જન્મકલ્યાણ દિને, જ્યાં નિકટમાં શત્રુંજય જેવી પવિત્ર તીર્થભૂમિ છે, જે શાંત વાતાવરણથી શોભાયમાન છે, જે સોનાના ગઢમાંથી આ અધ્યાત્મસૂર્યની કાંતિ



ફેલાવાની છે એવા સોનગઢમાં 'સ્ટાર ઓફ ઇન્ડીયા' નામના મકાનમાં ભગવાન પાર્શ્વનાથના ચિત્રપટ સમક્ષ પરિવર્તન કર્યું. સંપ્રદાયનું ચિન્હ એવી મુહપત્તિનો ત્યાગ કર્યો અને પોતાને સનાતન દિગંબર જૈનધર્મના અવ્રતી શ્રાવક ઘોષિત કર્યા.

અંતરંગ સાધનાની સાથે-સાથે બાહ્યમાં જિનેન્દ્રદર્શન, પ્રવચન, તત્ત્વચર્ચા તથા ભક્તિ ઇત્યાદિક કાર્યક્રમ નિયમિત થવા લાગ્યા અને પ્રભાવના દિન-પ્રતિદિન વધવા લાગી. પ્રથમ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ આઠમના દિવસે સ્વાધ્યાય મંદિરનું નિર્માણ થયું. તે વખતે તેઓશ્રી કહે છે કે, 'તમે ભલે આ બધું બંધાવો, પરંતુ અમે કોઈ બંધનમાં રહેવાના નથી. વીતરાગતા વધી જશે તો ચાલ્યા જશું.' અહો! ધન્ય છે તેમના વૈરાગ્યને

તથા ધન્ય છે તેમની નિઃસ્પૃહતાને !! તે જ દિવસે તેમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના પવિત્ર કરકમળે શ્રી



સમયસારજીની સ્થાપના થઈ. ત્યારબાદ સંવત ૧૯૯૭માં જિનમંદિર બંધાયું, અને તેમાં વહાલા વિદેહીનાથ શ્રી સીમંધર ભગવાનની સ્થાપના કરી ભગવાનના વિરહ ભૂલાવ્યા. અધ્યાત્મથી તેમ જ સ્વાનુભાવથી ઓતપ્રોત વાણીથી તથા શ્રુતની લબ્ધિ સાથે છૂટતી દિવ્યધ્વનીથી લોકો આકર્ષિત થઈને સોનગઢ આવવા લાગ્યા અને સમાજમાં એક યુગ પરિવર્તન આવ્યું. જે સત્ય અંધારામાં ડૂબેલું હતું તેને પોતે પોતાના અંતરંગમાં ઉદિત જ્ઞાનપ્રકાશ દ્વારા બહાર કાઢે છે. અનાદિથી પરિભ્રમણ કરતાં તથા દુઃખ ભોગવતાં જીવને શાશ્વત સુખ કેવી રીતે પ્રાપ્ત થાય તે માર્ગનું પ્રકાશન કરે છે. અચૂક લક્ષ્યવેધી રામબાણ જેવી વાણીથી મિથ્યાત્વના પડળ ભેદાવા લાગે છે. સોનગઢમાં જ સમવસરણ, માનસ્તંભજી, પરમાગમ મંદિરની રચના થાય છે. પરમાગમ મંદિર એટલે ભારતવર્ષની એક અદ્વિતીય રચના !! આચાર્ય શ્રીકુંદકુંદદેવ ની વાણીને અમર રાખવા અર્થે નિર્માણ થયેલ આ પરમાગમ મંદિરમાં પોણાચાર લાખ અક્ષરોની કોતરણી થાય છે, જે વડે પાંચે પરમાગમો ધવલ સંગેમરમરમાં કોતરાય છે. ૨૫,૦૦૦ જેટલા વિશાળ જનસમુદાયની હાજરીમાં ઉજવાયેલ પરમાગમ-મંદિરનો પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ ગુરુદેવશ્રીનાં તીર્થંકરદ્રવ્યની પ્રતીતિ કરાવે છે. ગામેગામથી લોકો આવીને સોનગઢમાં જ સ્થાયી થાય છે અને પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનો લાભ લે છે. સૂરજ જેમ છાબડે



ઢાંક્યો રહે નહિ તેમ પૂજ્ય ગુરુદેવશ્રીનો પ્રભાવના ઉદય સોળે કળાએ ખીલી ઉઠે છે અને તેઓશ્રીનાં પવિત્ર કરકમળથી ૩૩ પંચકલ્યાણક પ્રતિષ્ઠા અને ૩૩ વેદી પ્રતિષ્ઠા થાય છે.

પ્રત્યેક દ્રવ્યની સ્વતંત્રતાનો ઢંઢેરો જાહેર કરતો આ કહાનસૂર્ય પોતાની આભાને પ્રસરાવતો જિનમાર્ગની પ્રભાવનામાં અગ્રેસર થાય છે. ગામેગામ જિનમંદિરોની સ્થાપના, પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ, લાખ્ખોની સંખ્યામાં શાસ્ત્રોનું પ્રકાશન, હજારો ભક્તો સહિતની તીર્થયાત્રા ઇત્યાદિ તેમનાં ભાવિ તીર્થંકરપણાની સૂચક છે. જે ગામમાં કે શહેરમાં તેમનાં પવિત્ર ચરણારવિંદ થાય છે ત્યાં માનવ મહેરામણ ઉભરાય છે. ભોપાલમાં તેઓશ્રીનાં દર્શન અને વાણી સાંભળવા અર્થે



૪૦,૦૦૦ની મેદની ઉભરાય છે. મુંબઈ જેવી મહામોહમયી નગરીમાં તેઓશ્રીની પવિત્ર દેશનાનો લાભ લેવા અર્થે ૧૦ થી ૧૫ હજાર માણસો આવે છે. ધવલ જેવાં મહાસિદ્ધાંત શાસ્ત્ર તેમ જ અન્ય પરમાગમો ઉપર જાહેર પ્રવચન થાય છે. ગ્રંથાધિરાજ સમયસાર ઉપર તો જાહેરમાં ૧૯ વખત પ્રવચનો થાય છે. સમુદ્રમાં મધ્યબિંદુમાંથી ઉપડેલી ભરતી આકાશને આંબવા પ્રયત્ન કરે છે, પરંતુ તેનાથી તેમ થઈ શકતું નથી. પરંતુ અહીંયા તો પૂજ્ય ગુરુદેવશ્રીનાં શ્રુતજ્ઞાનસમુદ્રમાંથી ઉપડેલી ભરતી

ચારે દિશાઓમાં અમૃતની છોળો ઉડાડતી ગગનને આંબી જાય છે !! અંતરંગમાં ઉછળતી સુખ-શાંતિની છોળો બહારમાં સાંભળનારને પણ શાંતિ પમાડે છે અને તે સુખ-શાંતિની છોળ પવિત્ર થઈ ધન્યતાનો અનુભવ કરે છે.

સંવત ૨૦૧૩ તથા ૨૦૨૩માં ભક્તોના વિશાળ સંઘ સહિત સમ્મેદશિખર, રાજગૃહી, પાવાપુરી, ચંપાપુરી, મંદારગિરિ ઇત્યાદિ તીર્થોની યાત્રા કરે છે. ગામેગામ સ્વાગત કરવા આવતા લોકો અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રીને આશ્ચર્યચકિત નેત્રોથી જોઈ રહે છે !! આ તે કોણ પુરુષ છે ?! શું આ કોઈ તીર્થંકર છે ? ભવ્ય વિશાળ દેહ, અધ્યાત્મરસથી ભરપૂર શાંત મુખમુદ્રા, નેત્રોમાં દેદીપ્યમાન પવિત્રતા અને અંતરંગ મિથ્યાત્વને ભેદી નાખતી વાણી, - આ બધો પ્રભાવ જોઈને લોકોના હૈયા થનગની ઉઠે છે.

સંવત ૨૦૧૫ તથા ૨૦૨૦માં દક્ષિણમાં શ્રવણબેલગોલા, મૂડબીદ્રિ અને સ્વયંના ઉપકારી તારણહાર કુંદકુંદાચાર્યદેવની તપોભૂમિ પોન્નુરગિરિ તથા સમાધિસ્થળ કુંદાદ્રિની યાત્રા કરે છે. તે ઉપરાંત હજારો ભક્તો સહિત ગીરનારજી, શત્રુંજય, તારંગા, પાવાગઢ આદિ સિદ્ધક્ષેત્રો તથા અન્ય તીર્થક્ષેત્રોની યાત્રા કરે છે. સમ્યક્જ્ઞાન સહિત ભક્તિનો સમન્વય થાય છે. તીર્થંકર ક્યારેય એકલા મોક્ષમાં નથી જતાં એ વાતની ત્યારે પ્રતીતિ થાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ભાવશ્રુતસમુદ્રમાંથી પ્રત્યેક દ્રવ્યની સ્વતંત્રતા, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, સમ્યગ્દર્શન, સ્વાનુભવ ઇત્યાદિક અનેક રત્નોની છોળો ઉડી. તેને ઝીલી પ્રશમમૂર્તિ પૂ. ભગવતી માતા ચંપાબહેને તથા પૂ. શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીએ સમ્યક્ત્વરૂપી મહાન નિધિને ધારણ કરી અને શ્રીગુરુની ગરિમા વધારી. અંતર્બાહ્ય પ્રભાવનાના ઇતિહાસમાં સોનામાં સુગંધ મળવા જેવું કાર્ય થયું. પૂજ્ય ગુરુદેવશ્રીની શાંતસુધારસમયી વાણીને અંતરંગમાં ધારણ કરી, અનાદિના અજ્ઞાન અંધકારને ભેદી નાખ્યો અને સમ્યક્ત્વરૂપી સૂર્યનો પ્રકાશ ફેલાવી શ્રીગુરુની યથાર્થ પ્રભાવના કરી. પૂજ્ય ગુરુદેવશ્રીનાં સ્વર્ણમયી ઇતિહાસમાં ઉદિત થયેલા આ બે મહાન તારલાઓ કહાનરૂપી સૂર્યના પ્રકાશને શાશ્વત ફેલાવતાં જ રહેશે.

જેમ એક હીરાને અનેક પાસાઓ હોય છે તેમ પૂજ્ય ગુરુદેવશ્રીરૂપી કોહિનૂર હીરો સ્વયંના અનેક અલૌકિક ગુણોથી અલંકૃત થઈ આ ભરતભૂમિમાં શોભી રહ્યો છે. સદાય ઝળકતી આત્મસ્વરૂપની મહિમા, સ્વાનુભવથી ઓતપ્રોત હૃદય, કોમળતા, મધ્યસ્થતા, ન્યાય અવિરૂદ્ધતા, ભાવના તથા ભક્તિથી ભીંજાયેલું અંતરપટ, નિર્માનતા, વિશાળતા, નિઃસ્પૃહતા, નિડરતા, નિઃશંકતા ઇત્યાદિ અનેક ગુણોથી સુશોભિત પૂજ્ય ગુરુદેવશ્રીની આભા સકળ ભારતવર્ષમાં ફેલાયલી છે અને તે વૃદ્ધિગત થતી રહેશે.

શ્રીમદ્ રાજચંદ્રજીને વર્તમાનકાળમાં પ્રસિદ્ધ કરી તેઓશ્રીની વાણીનો યથાર્થ મર્મ સમજાવવાનું અનેરું કાર્ય પૂજ્ય ગુરુદેવશ્રીની યશગાથામાં કલગી સમાન છે.

વિરોધીઓ દ્વારા ગમે તેટલો વિરોધ થાય તોપણ તેમનાં પ્રત્યેનું કોમળ સંબોધન **'ભગવાન ! અમે તો કોઈના પર્યાયને જોતાં નથી. તેમ છતાં અમારાથી જોવાઈ ગયો હોય તો અમને માફ કરશો'** તેઓશ્રીનાં ક્ષમાભાવને, નિષ્કારણ કરુણાશીલતાને તથા કોમળતાને પ્રદર્શિત કરે છે. ગમે તેટલા શ્રીમંત કે અધિકારી હોય, તેમના હિતાર્થે કહેવાયેલા કઠોર વચનમાં પણ તેઓશ્રીની કરુણા, નિઃસ્પૃહતાના દર્શન થાય છે.

આમ અનેકાનેક સદ્ગુણોથી શોભાયમાન પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રભાવના ભારતમાં તેમ જ વિદેશમાં ફેલાઈ રહી છે. લાખ્ખોની સંખ્યામાં શાસ્ત્રો છપાય છે. જે ક્રિયાકાંડમાં ધર્મ મનાઈ રહ્યો હતો ત્યાંથી લોકોને છોડાવી સત્યના પંથે વાળે છે. લોકોની રુચિ સ્વાધ્યાય પ્રત્યે જાગૃત થાય છે. નાયરોબી જેવા અનાર્યક્ષેત્રમાં પણ જિનમંદિરની સ્થાપના તથા લંડન આદિ સ્થાનોમાં સ્વાધ્યાયની પ્રવૃતિ તેઓશ્રીનાં અદ્વિતીય પ્રભાવના યોગને તથા તીર્થંકર યોગને સૂચવે છે. ચારેય દિશાઓમાં જિનધર્મની પ્રભાવનાનો ઝંડો લહેરાવતાં-લહેરાવતાં આત્મસાધના સાધી રહ્યાં છે.

રોજ વહેલી સવારે ૪ વાગે ઉઠીને નિજ જ્ઞાયકસ્વરૂપના ધ્યાનમાં આરૂઢ થઈ આનંદામૃતનું આસ્વાદન કરી દિવસની શરૂઆત કરે છે. અંતર્મુખના પ્રખર પુરુષાર્થ દ્વારા સ્વયંના ધ્યેયની સમીપ પહોંચે છે. વીતરાગી

પરમાત્માઓના સ્મરણ સાથે, સમયસારની ૧ થી ૧૬ ગાથાઓનો સ્વાધ્યાય કરે છે. સમયસારજીની ૪૭ શક્તિઓના સ્મરણ સાથે નિજ સ્વરૂપના મહિમાને દિન-પ્રતિદિન વૃદ્ધિગત કરે છે. પ્રવચનસારના ૪૭ નય દ્વારા આત્મસાધનાને સાધે છે. સાથે-સાથે અલિંગગ્રહણના ૨૦ બોલ, અવ્યક્તના ૬ બોલ તથા શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા લખાયેલા 'સ્વદ્રવ્ય અન્યદ્રવ્ય ભિન્ન-ભિન્ન જુઓ'ના ૧૦ બોલનો પણ સ્વાધ્યાય ચાલે છે અને પુરાણપુરુષ એવા ૨૪ તીર્થંકરોના નામ સ્મરણ સાથે સ્વયં બાલ બ્રહ્મચારી હોવાથી પાંચ બાલ બ્રહ્મચારી તીર્થંકરોનું સ્મરણ પણ કરે છે. આમ આ અધ્યાત્મયોગી પૂજ્ય ગુરુદેવશ્રીનું જ્ઞાન-ધ્યાનમય જીવન નિઃસ્પૃહી સાધકના જીવનનું દર્શન કરાવે છે.

આવા સત્પુરુષ આ ધરાતલ ઉપર શાશ્વત વિદ્યમાન રહે એવી સર્વ મુમુક્ષુઓની ભાવના હોવા છતાં, આ જિનશાસનનો ચમકતો તારો પોતાના વહાલા વિદેહીનાથને મળવા જાણે કે તત્પર થયો. દેહની સ્થિતિમાં ફેરફાર થવા છતાં પોતે કહે છે કે, 'અહીંયા અમને તો કાંઈ ખબરેય પડતી નથી.' અહો ! ધન્ય છે આ દેહાતીત દશાને ! દેહ અને આત્મા જ્યાં ભિન્નપણે અનુભવમાં આવ્યા ત્યાં ગમે તેવી સ્થિતિમાં પણ પુરુષાર્થવંત આત્માને દેહાદિ ભિન્નપણે અનુભવાય છે. આ દેહ છોડીને જવાની ઘડી આવી પહોંચી. આજીવન સાધેલી અખંડ સાધનાની ફળશ્રુતિરૂપે ઉગ્ર પુરુષાર્થનો પ્રવાહ શરૂ થયો. નિજ પરમાત્મસ્વરૂપમાં લીનતા અર્થે ઉપયોગને સર્વ બાજુથી સમેટી લઈ પોતે અંતર્મુખ થવાના પુરુષાર્થમાં યોજાયા. સ્વસંવેદનનો આવિર્ભાવ થયો. નિર્વિકલ્પ જ્ઞાનવેદન આનંદ સહિત પ્રગટ થયું અને પરિણતિ પરિતૃપ્તતાનો અનુભવ કરવા લાગી. અનંત ગુણોની પરિણતિ પોતાના ચૈતન્ય સ્વરૂપમાં લીન થઈ રસાસ્વાદન કરવા લાગી. બહારમાં મુમુક્ષુઓ અનંત ઉપકારી શ્રીગુરુની વસમી વિદાય અસહાય નજરથી જોતાં રહ્યાં અને આ ચમકિત તારો સંવત ૨૦૩૭ના કારતક વદ ૭, શુક્રવારના દિવસે અસ્ત પામ્યો.

શ્રીગુરુએ વિદાય લીધી, વિદેહીનાથને મળવા અર્થે પોતે વિદેહીદશામાં આરૂઢ થઈ નિર્વિકલ્પ આનંદનું ભેટણું લઈ પ્રયાણ કર્યું. ભરતક્ષેત્રના ભક્તો અનાથપણાનો અનુભવ કરવા લાગ્યા. ક્યારેય ન પૂરી શકાય એવી ખોટ ઉભી થઈ. સ્વાધ્યાય મંદિર, પરમાગમ મંદિર તથા મુમુક્ષુઓના મનમંદિર સુના થઈ ગયા. રહી ગયો માત્ર 'ભગવાન આત્મા'નો ગુંજારવ ! રહી ગઈ માત્ર સ્મૃતિઓ ! રહી ગયો વિરહ અને રહી ગયા મુમુક્ષુઓના સજલ નેત્રોમાં નિરૂત્તર પ્રશ્નો !! હવે કોણ કહેશે કે 'તું પરમાત્મા છો' ? કોણ હવે 'ભગવાન આત્મા' કહીને બોલાવશે ? શું આ હકીકત છે કે સ્વપ્ન છે ? શું આવું થઈ શકે ખરું ?

આ સીમંધરલઘુનંદન સર્વને અનાથ મુકીને ચાલ્યા ગયા. આ તો વિદેહના વાસી જન્મ-મરણથી મુક્ત થવા નીકળેલા મહાપુરુષ. તેમને આવી જગ્યામાં રહેવું ક્યાંથી પોસાય ? હવે તેઓશ્રી શું 'ભગવાન આત્મા' કહીને વહાલભર્યું, મીઠું, પુરુષાર્થપ્રેરક સંબોધન નહીં કરે ? એવો પ્રશ્ન મુમુક્ષુઓના હૃદયને સતાવા લાગ્યો. કાળની ગતિ અકળ છે. લૌકિક જનોના મૃત્યુ તો જન્મ-મરણની શ્રૃંખલા મટાડ્યા વિના જ થાય છે. જ્યારે આ તો મૃત્યુ-મહોત્સવ ઉજવનારા અલૌકિક પુરુષ તેમના મરણની કલ્પના ક્યાંથી થાય ? અંતરંગમાં જેમણે વિદેહીપણું પ્રગટ કર્યુ તેમને હવે નવો દેહ મળે તો પણ શું ? તે તો જ્ઞાનનું જ્ઞેય રહી જાય છે.

જેમ આ કાળમાં અને આ ક્ષેત્રે તીર્થંકરનો વિરહ છે, પણ આચાર્યો વડે ગુંથાયેલ પરમાગમોથી તીર્થંકરની વાણીનો વિરહ નથી. તેવી જ રીતે મંગલમય કહાન ગુરુદેવની અત્યારે પ્રત્યક્ષ હાજરી નથી, પરંતુ તેઓશ્રીની વાણી તેમના જ અવાજમાં સંગ્રહાયેલ છે. તે ઉપરાંત તેઓશ્રીનું પ્રવચન સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે. જેના કારણે કલ્યાણમૂર્તિ ગુરુદેવશ્રી દ્વારા ઉદ્યોત પામેલ સનાતન વીતરાગ જૈનધર્મ આ યુગના છેડા સુધી ટકશે અને ભવ્ય જીવોને સુખનો પંથ બતાવશે.





સંસારના વિષવૃક્ષોને ક્ષણમાત્રમાં ક્ષય કરાવનાર, મહા સુખસાગરનો સમ્યક્‌માર્ગ પ્રાપ્ત કરાવનાર, અતુલ મહિમાના ધારી, પરમોપકારી શ્રી ગુરુદેવનાં ચરણકમળમાં પરમ ભક્તિથી નમસ્કાર... વારંવાર નમસ્કાર.



પૂજ્ય ગુરુદેવશ્રીનાં પરિવર્તન પહેલાંની ઝાંખી.



**'સ્ટાર ઓફ ઇન્ડિયા'**

પૂજ્ય ગુરુદેવના જીવનનો પ્રવાહ પહેલેથી જ આત્મશોધ તરફ વહેતો હતો.
એ દિશામાં એમણે સતત ધૂન વડે અંતરના આત્મબળથી સત્ શોધ્યું.



પૂજ્ય ગુરુદેવ સં. ૧૯૯૧ના ચૈત્રસુદ ૧૩ના મહાવીર જયંતિના મંગલ દિવસે સોનગઢના 'સ્ટાર ઓફ ઇન્ડિયા' મકાનમાં સ્થાનકવાસી સંપ્રદાય છોડી સનાતન સત્ય દિગંબર જૈનધર્મ અંગીકાર કર્યો. સત્‌ની ખાતર ક્રાંતિ કરી, સોનગઢના એકાંત-શાંત સ્થાનમાં કાયમી નિવાસ કર્યો. અનુક્રમે સોનગઢ ભારતનું એક અદ્વિતિય અનુપમ અધ્યાત્મ તીર્થ બન્યું.



ૐ શાંતિ   નિવેદન   ૐ શાંતિ, શ્રી પરમ સત્ સ્વરૂપ જીનેંદ્ર વિતરાગદેવ નમઃ
પરિભાવ સ્થિતિનું પરિવર્તન. આમા મારું આત્મહિતના વિશેષ વૃદ્ધિના કારણે મનને લાગતાં સંવત
૧૯૮૯ના ચતુર્માસમાંથી ફેરફાર કરવાની વિશેષવૃત્તિ જણાઈ એકે ઘણા ને સામાન્યપણે વિચારો
આવતા હતા. તેનો કારણે મા વિશાળતાનું સ્વરૂપ બહાર મુકતાં અચકાવું પડતું તે ચિત્તમાં આઘાતરૂપ લાગતું તે
મન બહારની કેટલાક મનન સહુઆતતાનો સિદ્ધાંત સ્થિતિમાં છતાં તેમાં વિરુદ્ધતા નહોવા છતાં તેમ થઈ કેટલોક વખ
ત વિત્યો. ૯૦ની સાલથી નિવૃત્તિ લેવી મનબંધ આછા કરવા તેમ વારંવાર વિચારો આવ્યા કરતા હ
તો તેમાં ૯૧ પછી તુરત નિવૃત્તિ લઈ ક્યાંક વિશેષ રોકાવું તેવા ઘણા વિચાર આવતા પણ ક્યાં રહે
વું તે નક્કી થયું નહિ. પછી તેમ વિચારો થવાથી ૯૦ની સાલ રાજકોટ રહેવું પછી નિર્ણય ઉપર આવ્યું,
હવે મારું હિત ય વર્તમાન સંસ્થિતિમાં વિશેષ વૃદ્ધિરૂપ ન લાગતાં આ પરિવર્તન કરવા આવશ્યક મને આ સંપ્રદાયમાં
દીક્ષિત થયાં ૨૧ વરસ   થયાં તેમાં મારી યથા શક્તિએ સૂત્રો ગ્રંથો વાંચી વિચારી જાણ્યું મને આ
રીતે હવે અનુકૂળતા જણાઈ તેમાંરે આ પરિવર્તન છે

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પરિવર્તન કરતી વખતનું નિવેદન
તેઓશ્રીના હસ્તાક્ષરમાં

હે જીવ ! આવો સુઅવસર આવ્યો છે, માટે તું અત્યારે બીજી પંચાત છોડીને આત્મ-અનુભવનો ઉદ્યમી થા, સર્વ પ્રયત્નને આમાં જ જોડ.

*(પૂ. ગુરુદેવ)*





અનંતગુણસ્વરૂપ
આત્મા તેના એકરૂપ
સ્વરૂપને દૃષ્ટિમાં લઈ,
તેને (-આત્માને)
એકને ધ્યેય બનાવી,
તેમાં એકાગ્રતાનો
પ્રયત્ન કરવો એ જ
પહેલામાં પહેલો
શાંતિ, સુખનો ઉપાય
છે.

(પૂ. ગુરુદેવ)

પ્રભો! આપના માર્ગે
ચાલતાં અમને આનંદ
થાય છે અને એમ
થાય છે કે વાહ દેવ!
આપ તો સાધકના
હૃદયમાં સદા
બિરાજમાન છો.

(પૂ. ગુરુદેવ)





સમયે-સમયે જ્ઞેય
સંબંધી પોતાથી
થયેલા જ્ઞાનની
પ્રસિદ્ધિ છે, પરંતુ
જ્ઞેયની પ્રસિદ્ધિ નથી.
અહા ! જ્ઞાન તો
જ્ઞાનને પ્રસિદ્ધ કરે જ
છે, પરંતુ જ્ઞેય પણ
જ્ઞાનને જાહેર કરે છે.
આ સત્‌ની પરાકાષ્ઠા છે.

(પૂ. ગુરુદેવ)

જ્ઞાનના અચિંત્ય
મહિમાનું ચિંતન
સંસારના સર્વક્લેશને
ભૂલાવી દે છે.
અહો ! આ વાત
સમજીને પોતે
પોતાના અંતરમાં
ઉતરવા જેવું છે.
પોતાનું હિત કરવાની
વાત છે.

(પૂ. ગુરુદેવ)





આનંદનો નાથ એવા
શુદ્ધાત્માની વાત
પ્રેમથી સાંભળે છે તેને
ભાવિ નિર્વાણનું
ભાજન કહ્યું છે. એ
વાત સાંભળતા દેહથી
ભિન્ન છું, કર્મથી ભિન્ન
છું, રાગથી ભિન્ન છું
ને પોતાથી પરિપૂર્ણ
છું એ વાત તેને
બેસવી જોઈએ, હકાર
આવવો જોઈએ.
સાંભળીને 'હા'
પાડતાં–હકાર
આવતાં–અંદર સંસ્કાર
પડતાં જાય છે.

(પૂ. ગુરુદેવ)



અરે ચૈતન્યપ્રભુ ! તારી શક્તિના એક ટંકારે તું કેવળજ્ઞાન લે એવી તારી
તાકાત ને તું કહે છે કે મને મારું સ્વરૂપ ન સમજાય! એ કહેતાં તને
શરમ નથી આવતી ?

(પૂ. ગુરુદેવ)


આવો મનુષ્યદેહ, પાંચ ઇન્દ્રિય અને જૈનધર્મ મળ્યા પછી
આત્મહિતના કાર્યમાં વાર ન લગાડીશ.
આજે જ કરજે, વિલંબ ન કર. અત્યારે જ કર.
(પૂ. ગુરુદેવ)

ॐ

સુવર્ણધામ સોનગઢમાં પૂજ્ય ગુરુદેવને પ્રભુદર્શનની એટલી બધી લગની હતી કે વારંવાર-હરતાં ને ફરતાં-સીમંધર ભગવાન પાસે જઈને બેસતાં અને ઉપશમરસ ઝરતી શાંત મુદ્રા ભક્તિભાવથી નિહાળી-નિહાળીને ગાતા કે-

અમિયભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય,
શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય
સીમંધર જિન ! દીઠાં લોયણ આજ.....





મારા આત્માની દૃષ્ટિ વિના એક ડગલું નહિ ચાલે !
મારા દ્રવ્ય વિના મારે એક ક્ષણ પણ ન ચાલે ! –એમ લે.

(પૂ. ગુરુદેવ)

ૐ


આપ ખરેખર સાધકના ભગવાન છો... નમસ્કાર છે આપને...
આપના માર્ગે અમેય આનંદથી આવી રહ્યા છીએ.
(પૂ. ગુરુદેવ)




હે જિનેન્દ્ર ! આપનું દર્શન થતાં મારું અંતઃકરણ એવા ઉત્કૃષ્ટ આનંદથી
પરિપૂર્ણ થઈ ગયું છે કે જેથી હું મને મુક્તિપ્રાપ્ત થયેલ સમજું છું.

(પૂ. ગુરુદેવ)

અરે ! હું કોણ છું ને
મારું ખરું સ્વરૂપ શું
છે ? મારું હિત ક્યાં છે ?
શા કારણે હું દુ:ખી
થયો ? એનો હે જીવ !
તું વિચાર તો કર.

(પૂ. ગુરુદેવ)





ચોથાકાળમાં શ્રાવકો
ત્યાગી અને વ્રતીને
જમાડે છે,
આહારદાનની ભાવના
ભાવે છે. અહીં તો
(ગુરુદેવનો) નિયમિત
લાભ મળે છે. તે લાભ
પણ મહાદુર્લભ છે.

*(પૂ. બહેનશ્રી)*


હે જીવ! તારી સુખશક્તિ એવી છે કે જ્યાં દુ:ખ કદી પ્રવેશી શકતું નથી,
માટે આત્મામાં ડૂબકી મારીને તારી સુખશક્તિને ઉછાળ... ઉછાળ...
જેથી તારા સુખનો પ્રગટ અનુભવ તને થશે.
(પૂ. ગુરુદેવ)


ધ્રુવધામના-ધ્યેયના-ધ્યાનની ધખતી ધૂણી ધગશ ને ધીરજથી ધખાવવી
તે ધર્મનો ધારક ધર્મી ધન્ય છે.
(પૂ. ગુરુદેવ)

**પૂજ્ય ગુરુદેવને આહારદાન આપતાં ભગવાનજીભાઈ તથા ડાહીબેન શાહ.**

આ દ્રવ્ય-સ્વભાવના ઊંડા સંસ્કાર નાખે તેને કાર્ય થવાનું જ છે. જેમ અપ્રતિહતપણે સમ્યગ્દર્શન થાય છે તેને ક્ષાયિક સમ્યક્ થવાનું જ છે, તેમ અંતરની સાક્ષીમાં હું જ્ઞાયક... જ્ઞાયક...છું, રાગાદિ તે હું નહીં — એમ સંસ્કાર નાખે તેને કાર્ય થવાનું જ છે.

*(પૂ. ગુરુદેવ)*





આત્માને સાધવા માટે
જાગેલા મુમુક્ષુને કોઈ
ને કોઈ પ્રકારે માર્ગ
બતાવનાર જ્ઞાની
મળી જાય છે. તે
જ્ઞાનીના જ્ઞાનભાવોની
ઓળખાણ થતાં
આત્માર્થીજીવના
પરિણામ આત્મસ્વભાવ
તરફ ઝૂકે છે,
આત્માર્થતા પુષ્ટ થાય
છે ને રાગનો રસ
તૂટતો જાય છે. એમ
થતાં કદી નહિ
અનુભવાયેલી એવી
અપૂર્વ આત્મશાંતિના
ભાવો પોતામાં જાગે છે.

(પૂ. ગુરુદેવ)



પૂજ્ય ગુરુદેવ (સ્થાનકવાસી) સંપ્રદાયમાં આહાર લેવા માટે જ્યારે નીકળતા ત્યારે માણસો ઘરે ઘરે બારણે ઉભા હોય, જાણે મુનિરાજના આહારદાનની રાહ જોતા હોય તેવું લાગે. નિસ્પૃહ રીતે રસ્તા પર ગુરુદેવ ચાલ્યા જતા હોય તે દેખાવ સરસ લાગતો હતો. અહીં સોનગઢમાં પણ વર્ષો સુધી સમિતિમાં તેમ જ મંડળમાં વ્હોરવા પધારતા. પછી શિખરજીની યાત્રાએ જવાનું નક્કી થતાં પાતરાં ને વ્હોરવાનું બંધ થયું.

*(પૂ. બહેનશ્રી)*



વસ્તુ જ ઉંડાણ સ્વભાવવાળી છે. પર્યાય ઉપર-ઉપર છે અને
દ્રવ્ય ઉંડું... ઉંડું... છે. અનંત... અનંત... અનંત ઊંડપ છે.
ક્ષેત્રથી નહિ પણ ભાવથી અનંત-અનંત સામર્થ્યરૂપ ઊંડપ છે.
ત્યાં જ્ઞાનપર્યાયને ધીરજથી લઈ જતાં ભગવાનનો ભેટો થાય છે.
(પૂ. ગુરુદેવ)



**ભગવાન શ્રી કુંદકુંદપ્રવચનમંડપ સોનગઢ.**

આત્માનું કરવા માટે નિવૃત્તિ લેવી જોઈએ. શ્રીમદ્ રાજચંદ્ર તો કહે છે મુમુક્ષુને
આજીવિકા મળતી હોય તો વિશેષ પ્રવૃત્તિ ન કરવી.

(પૂ. ગુરુદેવ)



જ્ઞાની દ્રવ્યદૃષ્ટિના
જોરથી રાગને
પુદ્‌ગલનો માને છે.
જિજ્ઞાસુ પણ
વસ્તુસ્વરૂપના ચિંતવન
આદિમાં માને કે
રાગ તે આત્માનો
નથી, રાગ તે
ઉપાધિભાવ છે. પર
આશ્રયે ઉત્પન્ન થતો
હોવાથી તે મારો
નથી, પુદ્‌ગલનો છે.
(પૂ. ગુરુદેવ)



કરવા-કરવાનું છે જ ક્યાં ? કરું... કરુંની દૃષ્ટિ જ છોડવાની છે.
રાગને કરવાનું તો છે જ નહિ, પણ આત્મામાં અનંતગુણ છે તેનું
પરિણમન સમયે સમયે થઈ જ રહ્યું છે તેને પણ કરવું શું ?
ફક્ત તેના ઉપરની દૃષ્ટિ છોડીને અંદરમાં જવાનું છે.

(પૂ. ગુરુદેવ)



હું જ્ઞાયક છું...
જ્ઞાયક છું... જ્ઞાયક
છું— એમ અંદરમાં
રટણ રાખ્યા કરવું,
જ્ઞાયક સન્મુખ ઢળવું,
જ્ઞાયક સન્મુખ
એકાગ્રતા કરવી.

(પૂ. ગુરુદેવ)



૧ જીવત્વ શક્તિ.
૨ ચિતિ "
૩ દર્શિ ક્રિયારૂપ
૪ જ્ઞાન "
૫ સુખ "
૬ વીર્ય "
૭ પ્રભુત્વ "
૮ વિભુત્વ
૯ સર્વદર્શિત્વ.
૧૦ સર્વજ્ઞત્વ.
૧૧ સ્વચ્છત્વ.
૧૨ પ્રકાશ.
૧૩ અસંકુચિતવિકાસત્વ.
૧૪ અકાર્યકારણત્વ.
૧૫ પરિણામ્ય પરિણામકત્વ.
૧૬ ત્યાગોપાદાનશૂન્યત્વ.

પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તાક્ષર



ૐ સચ્ચિદાનંદ સહજ સ્વરૂપાય નમ:
સ્વ આત્માનંદ શિવાનંદ અખંડાનંદ
સહજાનંદ પૂર્ણાનંદ વિશિષ્ટાનંદ
જ્ઞાનાનંદ નિજાનંદ તત્વાનંદ
ચિદાનંદ સ્વરૂપાનંદ નિર્મલાનંદ
પરમાનંદ ધ્યાનાનંદ
લાભાનંદ બ્રહ્માનંદ
ભાવાનંદ નિત્યાનંદ
વીતરાગ સ્વસંવેદન લક્ષણ ભેદજ્ઞાની.
આત્મ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞા
ન રે. તારક છે નિર્જનમાં રહીદ ગાતે છે વનમાં
શ્રી કૃષ્ણે કહ્યું છે જે આત્મા તત્વ કર્તા
પણ થયા વિના સર્વ શુભ પ્રવર્તન તે બાળ
કની માફક છે. છ કારક. ૧૯ મા શ્લોકમાં છે
સ્વધર્મકર્તા તે કર્તા. ૧ સ્વધર્મ પરિણમન તે
કાર્ય. ૨ સ્વધર્માનુયાયી ગુણ પરિણતિ, અંત
ના ભાવે શક્તિ, તે કરણ. ૩ આત્મ સાધન
ગુણના લાભ તે સંપ્રદાન. ૪ પરભાવ ત્યાગ
પરિણતી અપાદાન. ૫ સ્વ ગુણનું આધારપણું
તે આધાર. ૬.
આત્મ - મીમાંસા.
બુદ્ધિ પૂર્વમેં પૌરુષ માનિ. દૈવ કોઉમેં બુ
દ્ધિ મિલાનિ; અેસેં અનેકાંત જો ગહૈ.
તે જન કાર્ય સિદ્ધિ સબ લહૈ.॥

પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તાક્ષર


ॐ
નિજ પરમ પાવન પરમાત્માનું
નિજ પરમ સ્વરૂપ, તેના સ્વભાવની
પરમ પ્રતીતિ અને તેમાં સ્થિરતા
એ અમૂલ્ય ચિંતામણી રત્ન છે.
કે તેનું મૂલ્યાંકન હોઈ શકે નહિં.



ભગવાન! તું બીજું તો ભૂલી જા, પણ ધ્યાન કરવું ને ધ્યાનની ધારા વધારવી એવી પર્યાયની વાત પણ પરમાત્મતત્ત્વ વિષે નથી. સદા કલ્યાણમય ધ્રુવતત્ત્વમાં ધ્યાન ને ધ્યાનના ભેદો નથી ત્યાં રાગ-કર્મ-શરીરની શું વાત કરવી ?

(પૂ. ગુરુદેવ)

દરેક દ્રવ્ય સ્વતંત્ર છે,
કોઈ કોઈનું કરી શકતું
નથી. સ્વતંત્રતાની
આ વાત સમજવામાં
મોંઘી લાગે એવી છે.

(પૂ. ગુરુદેવ)





તે પરમાત્મા અમારી
સર્વ પર્યાયોમાં સદાય
અત્યંત સમીપ છે.
અમારી કોઈ પર્યાયમાં
અમને પરમાત્માનો
વિરહ નથી.

(પૂ. ગુરુદેવ)

મુંબઈ નગરીને શણગારીને ભવ્ય સ્વાગતની તૈયારી કરવામાં આવી હતી. પૂજ્ય ગુરુદેવ પધારતાં ભાવભીનું સ્વાગત થયું. જૈન સમાજ ઉપરાંત શહેરની જનતા હોંશપૂર્વક સ્વાગતમાં ભાગ લઈ રહી હતી. હજારોની માનવમેદની સહિત સ્વાગત સરઘસ ઘણું શોભતું હતું. ગુરુદેવના જય-જયકારથી આકાશ ગૂંજી રહ્યું હતું.









**શ્રી કુંદકુંદાચાર્ય તપોભૂમિ પોન્નુરધામની યાત્રા.**

એકગામથી બીજેગામ જાય તોય ભાતું સાથે લઈને જાય છે. તો બીજા ભવમાં જવા માટે કાંઈ ભાતું હોય કે નહિ ? શ્રદ્ધા-જ્ઞાનનું ભાતું સાથે લઈને જવું જોઈએ. રાગથી ભિન્ન જ્ઞાનાનંદ સ્વભાવ હું છું એવું ભાતું સાથે લઈ જાય તો આગળ વધવામાં કામ આવશે.

(પૂ. ગુરુદેવ)

અહો ! આત્માના જ્ઞાન-ધ્યાનમાં લીન સંતો જે ભૂમિમાં વિચરે તે ભૂમિ જગતમાં તીર્થ છે, તે ચરણોથી જે ધૂળ સ્પર્શાઈ તે ધૂળ પણ તીર્થ છે.

(પૂ. ગુરુદેવ)







**ચૂલગીરિ (બાવનગજા)માં ૮૪' ઉન્નત આદિનાથ ભગવાનનું અવલોકન...**

વાહ ! આત્માને પંચપરમેષ્ઠીની સાથે બેસાડીને આત્માના આનંદના ઘૂંટડા પીતાં-પીતાં મોક્ષની કેવી ભક્તિ કરી છે ! આ ભક્તિમાં રાગ નથી, આ તો વીતરાગી આનંદવાળી ભક્તિ છે.

(પૂ. ગુરુદેવ)

અત્યારે અહીં કોઈક મુનિરાજના દર્શન થાય તો કેવું સારું !
કુંદકુંદસ્વામી જેવા કોઈ મુનિરાજ આકાશમાર્ગે અહીં આવી ચડે
ને નીચે પધારીને દર્શન આપે તો કેવું ધન્યભાગ્ય !

(પૂ. ગુરુદેવ)





શ્રી સીમંધર જિનરાજજી, તુમ પદકમલ હિરદે ધરૂં,
તુમ પાસ મોહી રાખહી, મૈં શીવલક્ષ્મીકો વરૂં.



જે સકલ નિરાવરણ - અખંડ - એક પ્રત્યક્ષપ્રતિભાસમય અવિનશ્વર-
શુદ્ધપારિણામિક પરમભાવ લક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું.



આહાહા! પ્રભુ! તું પૂરો છો, તારા પ્રભુત્વ આદિ એક-એક ગુણ પૂરણ છે. તારી શક્તિની શું વાત કરવી ? તું કોઈ ગુણે અધૂરો નથી, પૂરેપૂરો છો. તારે કોના આધારની જરૂર છે ? આહાહા ! એને આવી ધૂન ચડવી જોઈએ. પહેલાં આવા સ્વભાવનો વિશ્વાસ આવવો જોઈએ. પછી દૃષ્ટિ અને અનુભવ થાય.

(પૂ. ગુરુદેવ)

**પપૌરાજી તીર્થક્ષેત્ર.**

તીર્થભૂમિમાં ગુરુજી પધારે, આનંદ મંગળ થાય જો,
કુમકુમ પગલે ગુરુજી પધારે, ગગને દેવ વધાવે જો.
આજ સારી હિંદભૂમિમાં મોતીડે મે વરસે જો.

*(પૂ. બહેનશ્રી)*





ભગવાન ! મોક્ષના પંથે લઈ જવા માટેનો આ
આત્મવૈભવ અપાય છે. તારા ચૈતન્યના અપાર કરિયાવર
સહિત સંતો તને મોક્ષમાં વળાવે છે, તું મોક્ષના માર્ગે આવ.

(પૂ. ગુરુદેવ)



આરામાં બાહુબલી ભગવાનના દર્શન



અહો ! યાત્રા ગુરુજી સાથમાં રે, અંતરમાં આનંદ ઉભરાય.....
તે વાણીથી કેમ કથાય... આજ દર્શન થયા તીર્થધામના રે.



**આરામાં બાહુબલી-દર્શન કરીને પાછા ફરતાં....**

કોના પગલે પગલે ચાલે મુક્તિની વણઝાર,
કોના સાદે જાગે સર્વે આત્માર્થી નરનાર,
અપાર મુક્તિગામી જીવોનો તું સાચો સરદાર,
ઓ ! કહાનગુરુ તુજ ચરણકમળમાં વંદન વારંવાર....



પ્રભુ મેરે ! તું સબ વાતે પૂરા ....
પરકી આશ કહાં કરે પ્રીતમ ! એ કિણ વાતે અધૂરા ?....

વિપુલાચલ પર્વતયાત્રા
વિ. સં. ૨૦૧૩.



ૐ

સ્વાલંબી ઉપયોગરૂપ સ્વરૂપને સાધીને
જે ક્ષેત્રથી સિદ્ધ થયા તે જ ક્ષેત્ર
સમશ્રેણીએ ઊર્ધ્વ સિદ્ધપણે બિરાજે છે,
તેના સ્મરણના કારણરૂપ
આ તીર્થ નિમિત્ત છે.



યાત્રાના પ્રસંગોમાં
તો કંઈ જુદું જ લાગતું
હતું. તેમાં ગુરુદેવ
સાથેની યાત્રાની તો
શું વાત!
આવા મહાપુરુષ સાથે
હોય તે ખરો પ્રસંગ !

(પૂ. બહેનશ્રી)



**વીર નિર્વાણધામ પાવાપુરીમાં વીરપ્રભુનું દર્શન. વિ. સં. ૨૦૧૩.**

પ્રભો! અમારું સમ્યગ્જ્ઞાન સ્વયમેવ આનંદના ઉત્સવરૂપ છે. અમારા આ જ્ઞાનમાં આપ સદાય વર્તો છો. આવું આ જ્ઞાન ઉત્સવપૂર્વક નિર્વાણની સાધના કરતું-કરતું આનંદમય પગલે નિર્વાણ મંદિરમાં આપની સમીપ આવી રહ્યું છે. આપની પાસે પહોંચવાને હવે ઝાઝી વાર નથી.

*(પૂ. ગુરુદેવ)*



**ગૌતમ સિદ્ધિધામ ગુણાવા.**

અહો ! ગણધરાદિ ભગવંતોએ જે જીવાદિ તત્ત્વો કહ્યાં તેમાંથી ચૈતન્યતત્ત્વને જેણે પોતાની સ્વાનુભૂતિમાં પ્રસિદ્ધ કર્યું તે જૈન થયો. આવો જીવ ભગવાનનો ખરો ભક્ત છે અને તેને ભક્તિ છે. તેને રત્નત્રયસ્વરૂપ નિર્વાણભક્તિ નિરંતર વર્તે છે.

*(પૂ. ગુરુદેવ)*

અહા! અનંતા
સિદ્ધભગવંતો અહીંથી
સિદ્ધપદ પામ્યા છે.
તેઓ અત્યારે ઉપર જ
બિરાજી રહ્યા છે ને
સાદિ-અનંતકાળ સુધી
ત્યાં જ બિરાજમાન
રહેશે. અહા! આ
સમ્મેદશિખર!
ભારતનું પહેલાં
નંબરનું તીર્થ!

(પૂ. ગુરુદેવ)





જેમ પુત્રમાં પિતાની
અણસાર આવે છે
તેમ મોક્ષમાર્ગી
મુનિઓમાં વીતરાગી
જિનભગવાનની
અણસાર આવે છે.
શાંત.. શાંત...
વીતરાગતા
અકષાયપણું
તરવરે છે.

(પૂ. ગુરુદેવ)



હું જન્મને જાણું નહીં, હું જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા છું. મારામાં પરભાવ નથી,
જન્મ-મરણ નથી, હું સુખથી ભરેલો શિવ છું, આવા આત્માને લક્ષમાં લેવો
તે ભગવાનની ખરી પૂજા છે.

(પૂ. ગુરુદેવ)



**સમ્મેદશિખરજી યાત્રા, ફાગણ સુદ ૭, વિ. સં. ૨૦૧૩ સુપાર્શ્વનાથ ટૂંક.**

સિદ્ધદશા ભગવાને અહીં જ પ્રગટ કરી હતી, તેનાં અહીં સ્મરણ થાય છે.
આમ કહીને સિદ્ધપદને યાદ કરતાં-કરતાં અને વૈરાગ્યરસમાં ઝૂલતાં-ઝૂલતાં
પૂજ્ય ગુરુદેવે ગાયું કે

એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણ કલંકરહિત અડોલ સ્વરૂપ જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે....

આ ક્ષેત્રે જ ભગવાન સિદ્ધપદ પામ્યા. ધન્ય ધન્ય એ દશા !
ધન્ય ધન્ય એ કાળ ! ને ધન્ય ધન્ય આ ભૂમિ !



ચૈતન્યપ્રકાશના નૂરના પૂર અંદર પડ્યા છે, એનો અનુભવ કર.

(પૂ. ગુરુદેવ)



**શિખરજી યાત્રા. ફાગણ સુદ-૭ વિ. સં. ૨૦૧૩ ચંદ્રપ્રભુની ટૂંક**
**(ચંદ્રપ્રભુ મોક્ષકલ્યાણક દિવસ)**

આજે મહામંગળ પ્રસંગ છે, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બધું મંગળ છે.

(૧) અહીંથી અનંત જીવો મોક્ષ પામ્યા છે, તેથી આ ભૂમિ મંગળ છે.

(૨) આજે ભગવાનના મોક્ષનો દિવસ છે, તેથી આ કાળ મંગળ છે.

(૩) આત્મદ્રવ્ય અલ્પકાળમાં મોક્ષ પામનાર છે તે દ્રવ્ય મંગળ છે.

(૪) આજનો ભાવ પણ મંગળ છે.

*(પૂ. ગુરુદેવ)*

"આજ દેખ્યા શાશ્વત તીર્થરાજને રે, દેખી દેખી હૈડું હરખાય..."

*(પૂ. બહેનશ્રી)*



એક વસ્તુ બીજી
વસ્તુની નથી.
પરવસ્તુ તો ક્યાંય
રહી પણ ક્રોધાદિ કે
દયા-દાનાદિ
આત્માના નથી,
કારણ કે બંનેના
પ્રદેશો ભિન્ન હોવાથી
– ભાવ જુદાં હોવાથી
ક્ષેત્ર પણ જુદાં છે
તેથી – સત્તા જુદી
જુદી છે.

(પૂ. ગુરુદેવ)




**શિખરજી યાત્રા પ્રસંગે મધુવનમાં પ્રવચન, વિ. સં. ૨૦૧૩.**

અહા! અહીં તો જાણે સિદ્ધભગવાન ઉપરથી ઉતર્યા હોય એવું લાગે છે.
સિદ્ધભગવાનનું ધ્યાન કરવા બેસી જઈએ એવું થાય છે.

(પૂ. ગુરુદેવ)

**ઇસરીમાં પૂજ્ય ગુરુદેવશ્રી તથા ગણેશપ્રસાદ વર્ણીજી. વિ. સં. ૨૦૧૩**

વિકાર કર્મથી થાય છે એમ ત્રણ કાળમાં નથી. જીવ સ્વયં પોતાના ષટ્કારકથી વિકારને કરે છે, એ જ સત્ય છે.

(પૂ. ગુરુદેવ)





અરે ! આ ભવ હાલ્યો જાય છે !
આ અમૂલ્ય વખત એમ ને એમ વેડફાઈ જાય છે.
ભાઈ ! આયુષ્ય પુરું થતાં શું થશે ?
માટે આ કરી લેવા જેવું છે. તે આજે જ કરી લે.

(પૂ. ગુરુદેવ)

જુઓ! એક વિચાર સવારે આવ્યો હતો. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એટલે એના પર્યાય, ગુણ અને દ્રવ્ય બસ જાણનાર જ છે, ફેરફાર કરનાર નથી. પોતામાં પણ કાંઈ ફેરફાર કરતો નથી. જેમ વ્યવસ્થિત કાર્ય થાય છે તેમ જાણે છે. અહાહા! જુઓ તો ખરા! વસ્તુ જ આમ છે. અંદરમાં તો ખૂબ ગંભીરતાથી ચાલતું હતું, પણ કહેવામાં તો...

(પૂ. ગુરુદેવ)





સિદ્ધનગરમાં અનંતા સિદ્ધો બિરાજે છે. તેઓએ પહેલાં બહારથી નજર
સંકેલીને અંદરનો વિસ્તાર કર્યો હતો. તું પણ બહારથી સંકેલો કરી નાખ.
હું તો પૂરણ અભેદ પરમાત્મા જ છું, મારે ને પરમાત્માને કાંઈ ફેર નથી—
એમ ફેર કાઢી નાખનારને ફેર છૂટી જશે.
આહાહા! દિગંબર સંતોની કથન શૈલી અલૌકિક છે.

(પૂ. ગુરુદેવ)

પૂજ્ય ગુરુદેવ મદ્રાસ નગરીમાં પધારતાં,
ગજરાજ પણ સ્વાગત કરી રહ્યો છે.





**કુંથલગીરિ સિદ્ધક્ષેત્ર.**

અમે અલ્પકાળમાં સિદ્ધ થવાના છીએ હો ! અમે અનંતા સિદ્ધોનું પસ્તાનું પર્યાયમાં મૂક્યું છે તો અમે પણ ભવિષ્યમાં અલ્પકાળમાં સિદ્ધ થવાના છીએ.

(પૂ. ગુરુદેવ)



**શ્રવણબેલ્ગોલાસ્થિત બાહુબલી ભગવાનના ભાવભીનાં દર્શન કરતાં પૂજ્ય ગુરુદેવ.**

વાહ! એમના મુખ ઉપર કેવા અલૌકિક ભાવ તરવરે છે! પવિત્રતા ને પુણ્યનો અતિશય પણ અલૌકિક. જ્ઞાન ઉપયોગ અંતરમાં એવો લીન થયો છે કે બહાર આવવાનો અવકાશ નથી. જાણે ચૈતન્યની શીતળતાનો ડુંગરા! અત્યારે આ દુનિયામાં એનો જોટો નથી.

(પૂ. ગુરુદેવ)



ચંદ્રગીરિ પહાડ ઉપર બાહુબલી ભગવાનનો મંગલ અભિષેક.

શ્રી બાહુબલી ભગવાનનો જય હો.
આનંદામૃતનો જય હો.

મનુષ્યપર્યાયની એક-એક ક્ષણ કૌસ્તુભમણિથી પણ કિંમતી છે.
આમાં ચોરાશીની ખાણમાંથી નીકળવાનું કરવાનું છે.

(પૂ. ગુરુદેવ)





હે ભવ્ય ! તું શરીરને ન જો, રાગને ન જો અને એક સમયની પર્યાયને પણ
ન જો. તારી પાસે તારો પૂર્ણાનંદ પ્રભુ પડ્યો છે તેને જો. અરે ભગવાન!
પૂર્ણાનંદ સ્વરૂપ તું સમીપમાં જ પડ્યો છે તે દૂર કેમ રહી શકે ?
એમ દિગંબર સંતોની વાણી મારફાડ કરતી અને ઝબકારા કરતી આવે છે.

(પૂ. ગુરુદેવ)





**મૂડબીદ્રિમાં પ્રાચીન તાડપત્રોનું અવલોકન, વિ. સં. ૨૦૧૫.**

કુંદકુંદાચાર્યદેવે તીર્થંકર જેવું કામ કર્યું છે અને
અમૃતચંદ્રાચાર્યદેવે ગણધર જેવું કામ કર્યું છે.
મીઠો મહેરામણ ઉછાળ્યો છે.

*(પૂ. ગુરુદેવ)*



શ્રી કુંદકુંદાચાર્ય
સમાધિસ્થાન કુંદાદ્રિમાં
કુંદકુંદાચાર્યના
ચરણકમળને
સ્પર્શ.....

કુદનગીરી પાવન કરનાર
કુદકુદને નમ:



**જોગફોલ્સ.**

અહાહા ! જેમ પાણીના ધોરીયા વહેતા હોય તેમ આ ધર્મના ધોરીયા વહે છે.
પીતાં આવડે તો પી ભાઈ !

(પૂ. ગુરુદેવ)

ૐ

**શ્રી કુંદકુંદાચાર્ય તપોભૂમિ પોન્નુરધામની યાત્રા.**

હે નાથ ! આપ અત્યારે ભરતક્ષેત્રમાં ભલે ન હો,
પણ આપનાં પગલાં તો અહીં
શોભી જ રહ્યા છે. આપનો માર્ગ તો ચાલી જ રહ્યો છે.

*(પૂ. ગુરુદેવ)*





ક્રિયાકાંડની દૃષ્ટિવાળાને એમ લાગે છે કે આ લોકો સમયસાર સાંભળે છે, પણ કોઈ આગળ વધતાં નથી. બાહ્ય ત્યાગ-તપ-વ્રત આદિ ક્રિયા કરે તો તેને આગળ વધ્યા દેખાય છે. પણ ભાઈ! સમયસાર સાંભળીને પરદ્રવ્યની ભિન્નતા, પરદ્રવ્યનું અકર્તાપણું, રાગાદિ ભાવોમાં હેયબુદ્ધિ ને અંદર પડેલી પરમાત્મશક્તિનું ઉપાદેયપણું એના શ્રદ્ધા-જ્ઞાનમાં નિરંતર ઘૂંટાય છે.

*(પૂ. ગુરુદેવ)*



પૂજ્ય ગુરુદેવની વાણી, એમની મુદ્રા, એમની ચાલ-બધું જ જુદું.
મુદ્રા જોઈને આ મહાપુરુષ છે તેમ લાગે. હાસ્ય તો નિર્દોષ,
પ્રફુલ્લિતતા દેખાઈ આવે. અધ્યાત્મનું તેજ શરીરમાં તરવરતું લાગે.
ગુરુદેવ જાણે દિવ્યપુરુષ હોય તેવું તેજ હતું.

(પૂ. બહેનશ્રી)


દ્રવ્ય-વસ્તુ છે તેમાં અનંત શક્તિઓ છે. જ્યારે એક શક્તિનું
પરિણમન થાય ત્યારે અનંત શક્તિઓની પરિણતિ પણ સાથે ઉત્પન્ન થાય
છે. તેને 'શક્તિ ઉછળે છે' એમ કહેવામાં આવે છે.
(પૂ. ગુરુદેવ)





છએ દ્રવ્યની પર્યાયનો જન્મક્ષણ હોય છે. જે સમયે પર્યાય થવાનો કાળ છે તે જ સમયે પર્યાય થાય છે. એ પર્યાય પરદ્રવ્યથી ન થાય અને પોતાના દ્રવ્યથી પણ ન થાય, પણ પર્યાયની યોગ્યતારૂપ જન્મક્ષણે સ્વકાળથી પર્યાય થાય છે એમ ભગવાનનો પોકાર છે.

(પૂ. ગુરુદેવ)



આચાર્યદેવ પ્રમોદથી કહે છે કે અહો! તીર્થંકરોએ આદરેલો અને બતાવેલો
આ એક જ સ્વાશ્રિત મોક્ષમાર્ગ છે. આવા સ્વાશ્રિત મોક્ષપંથને નમસ્કાર હો.
(પૂ. ગુરુદેવ)


અરે જીવ ! તું પ્રમોદ કર... ઉલ્લાસ કર... કે આત્મા પોતે સ્વયમેવ સુખરૂપ છે. તારા સુખને માટે જગતના કોઈ પદાર્થની અપેક્ષા નથી.
(પૂ. ગુરુદેવ)


ભાઈ! તારા જ્ઞાનને અંતરમાં વાળીને એકવાર વજ્રભીંત જેવો નિર્ણય કર, તારી
પ્રતીતિમાં જ્ઞાનની અધિકતા થઈ જશે અને મોક્ષમાર્ગ તરફ તારું વીર્ય ઉપડશે.
(પૂ. ગુરુદેવ)



આત્માનું પ્રિય-વહાલું-ઈષ્ટ હોય તો તે કેવળજ્ઞાન છે. આવો કેવળજ્ઞાન
સ્વભાવ પ્રિય લાગ્યો તેને જગતમાં બીજું કાંઈ પ્રિય લાગે નહિ.
'જગત ઈષ્ટ નહિ આત્મથી.'

(પૂ. ગુરુદેવ)



વાસુપૂજ્ય ભગવાનનો
અંતરભાવનાપૂર્વક
અભિષેક કરતાં....



ભાઈ! બહારના કોઈ ભાવોને વહાલા ન કર, કેમ કે તેમાં કલ્યાણ નથી. આત્માના જ્ઞાનાનંદસ્વભાવને જ વહાલો કરીને તેનો અનુભવ કર. એ જ કલ્યાણ છે, એ જ મોક્ષમાર્ગ છે, એ જ પરમસુખ છે, માટે આવા આત્માને તું વહાલો કર.

(પૂ. ગુરુદેવ)

દરેક પર્યાય સત્ છે. એને પરની અપેક્ષા નથી. રાગનો કર્તા તો આત્મા નહિ, પણ 'રાગનું જ્ઞાન' એમ કહેવું એ વ્યવહાર છે અને જ્ઞાનપરિણામને આત્મા કહેવો એ પણ વ્યવહાર છે. ખરેખર તો તે સમયની જ્ઞાનપર્યાય ષટ્કારકથી સ્વતંત્ર થાઈ છે, સમજાય છે કાંઈ ?

(પૂ. ગુરુદેવ)





દાદરમાં પ્રવચન કરતાં



પૂજ્ય ગુરુદેવનો '૯૧'મો જન્મ-જયંતિ મહોત્સવ, મલાડ-મુંબઈ.

અહો ! ધન્ય બન્યા મુમુક્ષુહૃદયો કે ચૈતન્યનો અગાધ મહિમા દેખાડનાર સંતનો જન્મોત્સવ ઉજવવાનું અને વાણી સાંભળવાનું સૌભાગ્ય મળ્યું.

**પરમાગમ મંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ, સુવર્ણપુરી.**

જુઓ તો ખરા સન્તોની કરુણા ! પ્રવચનસારમાં કહે છે કે, 'પરમ આનંદરૂપી સુધારસના પિપાસુ ભવ્ય જીવોના હિતને માટે આ ટીકા કરવામાં આવે છે.' અતીન્દ્રિય આનંદરસની જેને તરસ લાગી છે એવા જીવને અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ સમજાવે છે, કે જે સમજતાં અપૂર્વ આનંદ સહિત સમ્યગ્દર્શન થાય.

(પૂ. ગુરુદેવ)





**મંગલ તીર્થયાત્રા.....**

જેમ ભૂલાઈ ગયેલું સોનું પોતાના હાથમાં જ દેખીને જીવ પ્રસન્ન થાય,
તેમ અનાદિથી ભૂલાઈ ગયેલા પોતાના પરમેશ્વર આત્માને
પોતામાં જ દેખીને જીવ આનંદિત-પ્રસન્ન થાય છે કે
અહો ! હું પરમેશ્વર મારામાં જ રહ્યો !

*(પૂ. ગુરુદેવ)*



પૂજ્ય ગુરુદેવશ્રી
પ્રમોદથી પૂજ્ય
બહેનશ્રી ચંપાબેનના
જાતિસ્મરણ જ્ઞાનના
ચીત્રોનું વર્ણન કરે છે.





સર્વજ્ઞનો નિર્ણય કરતાં એવો નિર્ણય થાય છે કે મારા આત્મામાં પૂર્ણજ્ઞાન ને આનંદનો સ્વભાવ ભર્યો છે; અલ્પજ્ઞતા જેટલો હું નથી. આમ સ્વભાવસામર્થ્યનો સ્વીકાર થતાં, નિઃશંક થઈને પરિણતિ તેરૂપ પરિણમી જાય છે.

(પૂ. ગુરુદેવ)





**નાઈરોબીમાં પ્રવચન આપતાં....**

સમયસર, પ્રવચનસાર વગેરે પરમાગમો દ્વારા સન્તોએ જગત પાસે ભેટણું મૂક્યું છે. લે... ભાઈ...લે! તારા આનંદ સ્વભાવને દર્શાવનારું આ ભેટણું અમે તને આપીએ છીએ.. જે તેને ઓળખે તે જીવને પરમાનંદ પ્રગટે.

*(પૂ. ગુરુદેવ)*





નાઈરોબીમાં
તપ કલ્યાણક
તથા રાત્રી ચર્ચા





મોમ્બાસામાં
પધારેલ પૂજ્ય
ગુરુદેવશ્રી






જયપુર (પંડિત ટોડરમલ સ્મારક ભવન) માં પધારેલ પૂજ્ય ગુરુદેવશ્રી.





મોક્ષમાર્ગપ્રણેતા પૂજ્ય ગુરુદેવશ્રી


અરે! એકવાર તો આશ્ચર્ય કરીને આત્માને જોવા આવ કે કેવો છે આત્મા ?
જેના આટલા વખાણ ને મહિમા જ્ઞાનીઓ કરે છે તે આત્મા અંદર કેવો છે ?
એમ તેને જોવાનું કુતૂહલ તો કર...











પૂજ્ય કહાન ગુરુદેવની
અનંત રહસ્યોથી
ભરપૂર વીતરાગી
વાણીના ધોધથી
દેશનાલબ્ધિનો યોગ
બન્યો. ધન્ય ઘડી,
ધન્ય કાળ, અપૂર્વ
યોગ.





સ્વાધ્યાય કરતા પૂજ્ય ગુરુદેવશ્રી..









જ્ઞાનની ચાહના એ છે કે અમારો અતીન્દ્રિય આનંદ અમને પ્રાપ્ત થાઓ,
બીજું કાંઈ જગતમાં અમારે જોઈતું નથી.

(પૂ. ગુરુદેવ)









આત્માના ગુંજનપૂર્વક નિઃસ્પૃહ પણે બિરાજે છે પૂજ્ય ગુરુદેવશ્રી







હે ભવ્ય ! આત્માના
અનુભવ માટે
સાવધાન થાજે,
શૂરવીર થાજે.
જગતની પ્રતિકૂળતા
દેખીને કાયર થઈશ
નહિ, શુદ્ધાત્માના
આનંદનો અનુભવ
કરજે. હરિનો મારગ
છે શૂરાનો .....

(પૂ. ગુરુદેવ)



અહા ! આત્મા પરમ
આનંદરૂપ છે કે જેને
ધ્યાવતાં આનંદનો
પ્રવાહ નીકળે છે.
આવું આનંદધામ
જેણે નિહાળ્યું તેનું
ચિત્ત જગતમાં
ક્યાંય ઠરે નહીં.
ઠરવાનું ઠામ તો
આત્મા છે.

(પૂ. ગુરુદેવ)

ગુરુદેવ કોઈ અપૂર્વ
હતા. ભાવિ તીર્થંકરનું
દ્રવ્ય. વાણીની
ગર્જનાથી ગુંજન
કરતું સોનગઢ બોલતું
તીર્થ બન્યું.
પ્રભાવનાનો ઉદય
કોઈ અપૂર્વ. એમની
વાણી પાછળ
ચૈતન્યચમત્કાર
દેખાતો હતો.

*(પૂ. બહેનશ્રી)*





અનુભૂતિસ્વરૂપ
ભગવાન આત્મા
આબાળગોપાળ
સર્વને સદાકાળ સ્વયં
અનુભવમાં આવે છે.
પર્યાયમાં આત્મા જ
ખ્યાલમાં આવે છે.
પરમાત્મા ફરમાવે છે કે
પ્રભુ! તારા જ્ઞાનની
પર્યાયમાં સદાય
સવયં આત્મા જ
અનુભવમાં આવે છે.
(પૂ. ગુરુદેવ)



શ્રી માનસ્થંભજીની પ્રતિષ્ઠાના દશ વર્ષ પૂર્ણ થતાં દશાબ્દિ મહોત્સવ પ્રસંગે ઉપરના ભાગમાં શ્રી સમીંધરપ્રભુનો અભિષેક કરતાં પૂજ્ય ગુરુદેવ.

હે જિનેન્દ્ર ! તારી ભક્તિથી હું પવિત્રતા તો પૂરી પામીશ જ, પરંતુ પુણ્યમાં પણ પૂરી પ્રાપ્તિ થશે. હું તીર્થંકર, ચક્રવર્તી આદિ પદ પામી મારી પૂર્ણતા સાધીશ.

(પૂ. ગુરુદેવ)




**શિલાન્યાસ પ્રસંગે ઇંટો ઉપર મંગલ સ્વસ્તિક.**

ધર્માત્મા-સંતો કહે છે કે અહો ! ચૈતન્યની શાંતિને અનુભવવી તે અમારો વિષય છે. આનંદમય આત્મસંપદાને અનુભવવી એ જ ધર્મીનું કાર્ય છે.

(પૂ. ગુરુદેવ)


જેમ માળામાં મણકા જે સ્થાને છે તે સ્થાને જ છે, તે આગળ-પાછળ થઈ જાય તો માળા એકરૂપ અખંડ નથી રહેતી તેમ જે સમયે-જે જન્મક્ષણે-જે ક્રમબદ્ધપર્યાય થવાની તે જ થવાની. બીજા સમયની પર્યાય પહેલાં થાય ને પહેલાં સમયની પર્યાય પછી થાય એમ છે જ નહીં.
(પૂ. ગુરુદેવ)



**પૂજ્ય ગુરુદેવના પવિત્ર હસ્તે પરમાગમ મંદિરના બારસાખ ઉપર સ્વસ્તિક થઈ રહ્યો છે.**

વિકલ્પોને કરવારૂપ ક્રિયાનો અભાવ હોવાથી સમ્યગ્દર્શન નિષ્ક્રિય છે. અને પોતાના સ્વરૂપની પ્રતીતિ કરવારૂપ ક્રિયાનો સદ્‌ભાવ હોવાથી સમ્યગ્દર્શન સક્રિય છે.

(પૂ. ગુરુદેવ)




**પરમાગમ મંદિરમાં લગાડવા માટે તૈયાર થયેલ સમયસારના પ્રથમ પાટિયા ઉપર ૐકાર આલેખન કરી રહેલા પૂજ્ય ગુરુદેવ.**

શ્રી કુંદકુંદાચાર્યદેવ જેવા વીતરાગી સંતના સ્વાનુભવની આનંદમય પ્રસાદીરૂપ આ સમયસાર શાસ્ત્ર છે; તેનો મહિમા અદ્‌ભુત, અચિંત્ય અન અલૌકિક છે. અહો ! આ સમયસાર તો અશરીરીભાવ બતાવનારું શાસ્ત્ર છે; તેના ભાવો સમજતાં અશરીરી સિદ્ધપદ પમાય છે. કુંદકુંદપ્રભુની તો શી વાત!

(પૂ. ગુરુદેવ)



પર્યાયના ષટ્કારક સ્વતંત્ર છે. પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી,
છતાં પર્યાયની સ્વતંત્રતાને દેખનારનું લક્ષ દ્રવ્ય ઉપર જ હોય છે.

(પૂ. ગુરુદેવ)

**પરમાગમ મંદિરની પ્રતિષ્ઠા પ્રસંગે આમંત્રણ પત્રિકા ઉપર મંગલ સ્વસ્તિક.**

જગતના જીવોમાંથી છ મહિના અને આઠ સમયે ૬૦૮
જીવોની ધારા મોક્ષમાં નિરંતર ચાલી જ જાય છે. આવી જ મોક્ષની ધારા
અખંડ ચાલી રહી છે. તું પણ તેમાં ભળી જા..... આમ સંતો મોક્ષ માટે
આમંત્રણ આપે છે. અમે તો મુક્તિનો મહોત્સવ માંડ્યો છે,
તું પણ તે મહોત્સવમાં ભળી જા.

*(પૂ. ગુરુદેવ)*






આ તો સમ્યગ્દર્શનના ને સમ્યગ્જ્ઞાનના વાજાં વગાડતાં-વગાડતાં સિદ્ધપદમાં જવાનું સરઘસ કાઢવાની વાત છે. તીર્થંકરોના સ્વાધીન માર્ગમાં સાધક જીવો પર્યાયના વાજાં વગાડતાં-વગાડતાં સિદ્ધપદમાં જઈ રહ્યા છે.

(પૂ. ગુરુદેવ)



**પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ધ્વજા-આરોહણ.**

લહરાયેગા લહરાયેગા
ઝંડા શ્રી મહાવીરકા...
વીરકુંદને ઈસે લહરાયા,
ગુરુ કહાનને ફિર
ફહરાયા, ભારતભરમેં
નાદ ગુંજાયા, ઝંડા
શ્રી મહાવીરકા...
લહરાયેગા...



આચાર્યદેવ કહે છે કે... છ મહિના સુધી લગનીપૂર્વક અભ્યાસ કરતાં તને
જરૂર આત્માનો અનુભવ થશે. ભાઈ ! છ મહિના તો અમે વધુમાં વધુ
કહીએ છીએ, જો ઉત્કૃષ્ટ આત્મલગની પૂર્વક તું પ્રયત્ન કર તો,
બે ઘડીમાં જ તને આત્માનો અનુભવ થશે.

(પૂ. ગુરુદેવ)

**પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પૂજ્ય ગુરુદેવ ઇન્દ્રપ્રતિષ્ઠા કરાવે છે.**

ચોથાકાળમાં તો પંચકલ્યાણક પ્રત્યક્ષ જોવા મળતાં પણ વર્તમાનમાં પૂજ્ય ગુરુદેવના પ્રતાપે સ્થાપના તરીકે ઘણા પંચકલ્યાણક જોવા મળે છે. તે ભાગ્ય પણ ક્યાંથી!

*(પૂ. બહેનશ્રી)*






**પૂજ્ય ગુરુદેવ પંચકલ્યાણક પ્રસંગે પ્રવચન આપે છે.**

ભગવાન ! આ શરીર ભોગ માટે નથી, યોગ માટે છે, અંતરમાં એકાગ્રતા કરવા માટે છે. આ ક્ષણભંગુર નાશવાન શરીરના નિમિત્તે સાદિ અનંત સ્થિર અવિનાશી એવા મોક્ષપદની સાધના કર. આ શરીર મલિન છે તેના નિમિત્તે નિર્મળ વીતરાગપદની સિદ્ધિ કર. આ શરીર જ્ઞાનાદિ ગુણ રહિત નિર્ગુણ છે, તેના નિમિત્તે જ્ઞાનાદિ ગુણની સિદ્ધિ કરી લેવા જેવું છે. તેથી મુનિરાજ કહે છે કે અનિત્યને નિત્યનું સાધન કર, મલિનને પવિત્રનું સાધન કર.

*(પૂ. ગુરુદેવ)*

**પરમાગમ મંદિરની પ્રતિષ્ઠા પ્રસંગે કળશ-ધ્વજ શુદ્ધિ થઈ રહી છે.**

અહો! આ ચૈતન્યતત્ત્વ અનંતગુણનું મહામંદિર છે, આ પરમાત્મમંદિરમાં પંચપરમેષ્ઠીઓ, રત્નત્રય અને જિનાગમોના ભાવો — એ બધું જ બિરાજી રહ્યું છે.

*(પૂ. ગુરુદેવ)*







**પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પૂજ્ય ગુરુદેવ અને ભક્ત સમુદાય.**

મોક્ષમાર્ગની સમજણ કરીને તેવો માર્ગ પોતામાં
પ્રગટ કરવો તે સત્ય મહોત્સવ છે, કે જેનું ફળ મોક્ષ છે.

*(પૂ. ગુરુદેવ)*

પરમાગમ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે હજારો ભક્તોની મેદની ઉભરાણી હતી. ચારેકોર ઉલ્લાસ અને ઉમંગભર્યું વાતાવરણ છવાઈ ગયું હતું.





**પરમાગમ મંદિરની પ્રતિષ્ઠા પ્રસંગે જન્મ-કલ્યાણક દિને, સુવર્ણપુરી.**

ભવ્ય ધર્મ દરબાર-સમવસરણ સભા-જેવી શોભતી હતી.
જાણે કે ધર્મનો મહાન કલ્યાણકારી કોઈ મહોત્સવ મંડાયો હોય !
જિજ્ઞાસુઓનાં ટોળેટોળાં ત્યાં ઉભરાતા હતાં.



આત્મા અજાયબઘર છે. એમાં જ્ઞાન ને આનંદના અનંત ઓરડા ભર્યા છે. તેમાંથી જ્ઞાન ને આનંદ કાઢ્યા જ કરે તો પણ ખૂટે નહિ.

*(પૂ. ગુરુદેવ)*


હું એક અખંડ જ્ઞાયકમૂર્તિ છું, વિકલ્પનો એક અંશ પણ મારો
નથી -એવો સ્વાશ્રયભાવ રહે તે મુક્તિનું કારણ છે.
(પૂ. ગુરુદેવ)

પૂજ્ય ગુરુદેવશ્રીથી પાવન થયેલ 'મંગલ વર્ધિની'





શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.

(પૂ. ગુરુદેવ)

પૂજ્ય ગુરુદેવ દીક્ષા કલ્યાણક પ્રસંગે વૈરાગ્યરસ ઝરતું
પ્રવચન આપતાં વૈરાગ્ય ભાવના ભાવે છે.

એકાકી વિચરતો નથી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો,
અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો....
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે....





પૂજ્ય ગુરુદેવશ્રીએ
અતિ ગંભીરતાથી
ભગવાનનો કેશલોચ
કરીને કહ્યું કે હે
ભગવાન!
આપ તો સ્વયંબુદ્ધ
છો. આપ તો
આપના સ્વહસ્તે જ
કેશલોચ કરો છો,
પણ આ
તો આપની સ્થાપના
હોવાથી માત્ર અમારો
ઉપચાર છે.

અહો ! સમ્યગ્દર્શન થતાં આત્માના પ્રદેશે-પ્રદેશે આનંદનો
જન્મ થાય છે, અસંખ્ય પ્રદેશો આનંદથી ઉછળે છે.
આનંદનું જન્મધામ નિજ પરમાત્મતત્ત્વ જ સમ્યગ્દર્શનનું કારણ છે.

(પૂ. ગુરુદેવ)





ચૈતન્યમૂર્તિ આત્મા પરમાનંદસ્વરૂપ છે. તેના ધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે. આહાહા... આકરી વાત છે ભાઈ! અશુભરાગ તો ઘોર સંસારનું મૂળ છે, પણ શુભભાવ ઘોર સંસારનું મૂળ છે. દયા-દાન-પૂજા પઠન-પાઠન-વ્રત આદિ અનેક પ્રકારના શુભભાવ છે તે બધાય ઘોર સંસારનું મૂળ છે.

*(પૂ. ગુરુદેવ)*

પરમાગમ મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે
દીક્ષા-કલ્યાણક દિને પૂજ્ય ગુરુદેવશ્રીનું વૈરાગ્ય-પ્રવચન
સાંભળતાં વૈરાગ્યરસમાં તરબોળ થયેલ ભક્ત સમુદાય.





**પૂજ્ય ગુરુદેવ અત્યંત ભક્તિ, પ્રમોદ અને ઉલ્લસિતભાવે**
**મુનિરાજને આહારદાન કરાવી રહ્યા છે.**

અહો ! મુનિવરો તો આત્માના પરમ આનંદમાં ઝૂલતાં ઝૂલતાં મોક્ષને સાધી રહ્યા છે. આત્માના અનુભવપૂર્વક દિગંબર ચારિત્રદશા વડે મોક્ષ સધાય છે. દિગંબર સાધુ એટલે સાક્ષાત્ મોક્ષનો માર્ગ. એ તો નાના સિદ્ધ છે. પંચપરમેષ્ઠીની પંક્તિમાં જેમનું સ્થાન છે એવા મુનિરાજના મહિમાની શી વાત ! એવા મુનિરાજના દર્શન મળે તે પણ મહા આનંદની વાત છે. એવા મુનિવરોના તો અમે દાસાનુદાસ છીએ. તેમનાં ચરણોમાં અમે  નમીએ છીએ. ધન્ય એ મુનિદશા ! અમે પણ એની ભાવના ભાવીએ છીએ.

(પૂ. ગુરુદેવ)



નિત્ય આનંદ-અમૃતના
ભોજી પૂજ્ય ગુરુદેવશ્રી



પૂજ્ય ગુરુદેવ જિનેન્દ્રપ્રતિમા ઉપર અંકન્યાસ વિધિ કરી રહ્યા છે.

આચાર્યદેવ કહે છે કે અમે અમારા શુદ્ધચિદ્રુપનું સ્મરણ કરીએ છીએ ત્યારે શુભાશુભ કાર્યો ક્યાં ચાલ્યા જાય છે, ચેતન-અચેતન પદાર્થોનો સંગ ક્યાં જાય છે, રાગાદિભાવો ક્યાં અલોપ થઈ જાય છે તેનું લક્ષ રહેતું નથી. અમને અમારું એક શુદ્ધચિદ્રુપ જ દેખાય છે.

(પૂ. ગુરુદેવ)

**પૂજ્ય ગુરુદેવના મંગલ હસ્તે અંકન્યાસ વિધિ.**

અરે જીવો ! ઠરી જાઓ, ઉપશમરસમાં ડૂબી જાઓ–એમ જાણે કે ભગવાનની પ્રતિમા ઉપદેશતી હોય ! માટે સ્થાપના પણ પરમ પૂજ્ય છે. ત્રણ લોકમાં વીતરાગમુદ્રિત શાશ્વત જિનપ્રતિમા પણ છે.

(પૂ. ગુરુદેવ)





**કહાનગુરુ કરકમળેથી મહા મંગળ વિધિ થાય છે.**

હે નાથ ! આ ભરતક્ષેત્રે તારા વિરહ પડ્યા છે. અહો ! મહાવિદેહમાં બિરાજતાં ચૈતન્યમૂર્તિ પ્રભુ કે જેમનાં ચરણોની સો સો ઈન્દ્રો સેવા કરી રહ્યા છે એવા નાથનો અમને અહીં વિરહ પડ્યો છે. એ વિરહ આપની પ્રતિષ્ઠા કરીને ટાળીએ છીએ.

*(પૂ. ગુરુદેવ)*



નિર્વિકલ્પધામમાં વિચરણ કરતાં પૂજ્ય ગુરુદેવશ્રી...



**પરમાગમ મંદિરમાં બિરાજમાન શાસનનાયક શ્રી મહાવીરપ્રભુની પ્રતિમા ઉપર અંકન્યાસ વિધિ થઈ રહી છે.**

જિનેન્દ્રદેવના પરમ ભક્ત કહાન ગુરુદેવે ભક્તિભાવભીના ચિત્તે એક-બે નહિ પરંતુ અનેક જિનેન્દ્ર ભગવંતો ઉપર અંકન્યાસ વિધિ કરી છે.

(પૂ. બહેનશ્રી)

પ્રભો! આપની
નિર્દોષ સ્તુતિ તો ક્યાં
રહી ? પરંતુ આપની
પવિત્ર કથાનું શ્રવણ
કરવાથી પણ જીવોને
સંસારના બધા પાપો
નષ્ટ થઈ જાય છે.

(પૂ. ગુરુદેવ)





પરમાગમ મંદિરના દ્વાર ઉપર મંગલ આલેખન વિધિ.



પ્રત્યેક પદાર્થની થવાવાળી ક્રિયા પોતાની કાળલબ્ધિથી થઈ છે, નિમિત્તથી થઈ નથી. પ્રત્યેક પરિણામ પોતાની ઉત્પત્તિના જન્મક્ષણથી ઉત્પન્ન થયા છે, નિમિત્તથી થયા નથી. અક્ષર લખાય છે તે કલમથી લખી શકાતા નથી.

(પૂ. ગુરુદેવ)



શ્રી સમવસરણ મંદિર
રાજકોટ.
શ્રી કુંદકુંદાચાર્યની
પ્રતિષ્ઠા કરી રહેલા
કુંદકુંદભક્ત કહાન
ગુરુદેવ.

ભરતથી મહાવિદેહની મૂળ
દેહે જાત્રા કરનાર શ્રી કુંદકુંદ
આચાર્યની જય હો જય હો.

પરમાગમ મંદિરમાં શ્રી કુંદકુંદાચાર્યના ચરણકમળની સ્થાપના કરીને પૂજ્ય ગુરુદેવ અર્ઘ ચઢાવે છે.



ભગવાન કુંદકુંદાચાર્યદેવનો અમારા ઉપર ઘણો ઉપકાર છે. અમે તેમના દાસાનુદાસ છીએ. કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધરભગવાનના સમવસરણમાં ગયા હતા અને ત્યાં તેઓ આઠ દિવસ રહ્યા હતા એ વાત યથાતથ્ય છે, અક્ષરશઃ સત્ય છે, પ્રમાણસિદ્ધ છે.

(પૂ. ગુરુદેવ)



**પરમાગમ મંદિરમાં શ્રી સમયસારજી શાસ્ત્રની સ્થાપના કરતાં સમયસારમર્મજ્ઞ કહાન ગુરુદેવ.**

સમયસાર તે સમયસાર, તેના જેવું સર્વોત્કૃષ્ટ બીજું કોઈ નથી. ગુરુદેવ તે ગુરુદેવ જ હતાં. તેમના જેવું કોણ થાય ? ગુરુદેવની જેમ આહાહા....! કરનાર પણ બીજું કોઈ નથી. જેમ એક જગતચક્ષુ સમયસાર તેમ બીજા જગતચક્ષુ ગુરુદેવ. સમયસારને બતાવનારા તેઓ એક હતાં, તેમના જેવું બીજું કોઈ છે નહીં.

*(પૂ. બહેનશ્રી)*


હે અંધ પ્રાણીઓ! અનાદિ સંસારથી માંડીને પર્યાયે-પર્યાયે જે રાગને તમારું
પદ માનીને તેમાં સૂતા છો, તે ખરેખર તમારું પદ નથી... નથી, તે તો
અપદ છે-અપદ છે, રાગથી પાછા વળીને આ તરફ આવો... આવો.
(પૂ. ગુરુદેવ)



અંતે તો એકલો
થવાનો છો, તો
અત્યારથી જ એકલો
થાને !

(પૂ. ગુરુદેવ)



પરમાગમ મંદિર સોનગઢમાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનનું નિરંતર અમૃતઝરતી
વાણીનું શ્રવણ કરતાં શ્રોતાજનો.


ॐ
એક આત્માને જાણતાં સર્વ જાણી શકાય છે,
કેમકે આત્માનો સર્વને જાણવાનો સ્વભાવ છે.
આત્માનો સ્વપર પ્રકાશક સ્વભાવ હોવાથી
સ્વને જાણતાં પર જણાઈ જાય છે.



**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન પૂર્ણ થતાં પરમાગમ મંદિરની બહાર**
**ગુરુદેવનાં દર્શન માટે ઉભરાતી માનવમેદની.**

પૂજ્ય ગુરુદેવ બિરાજતાં હતાં તે વખતની સોનગઢની રોનક જુદી જ હતી.

*(પૂ. બહેનશ્રી)*





આત્માર્થી થઈને
અનંતકાળમાં નહિ
કરેલ એવી અપૂર્વ રીતે
---અપૂર્વ પુરુષાર્થથી
---આત્માનો અપૂર્વ
નિર્ણય કરવો તે
પ્રથમ ભૂમિકા છે,
તે જ ધર્મનગરીમાં
પ્રવેશવાનો દરવાજો છે.

(પૂ. ગુરુદેવ)



પૂજ્ય ગુરુદેવશ્રીની નિશ્રામાં શ્રી કુંદકુંદ-કહાન સરસ્વતી ભવનનું ઉદ્‌ઘાટન થઈ રહ્યું છે.

હે જીવ ! તું આનંદિત થા... સર્વ પ્રકારે પ્રસન્ન થા. આનંદમય સ્વદ્રવ્ય જ હું
છું એમ ઉજ્જવળ ચિત્ત વડે આત્માને અનુભવમાં લે.

પૂ. ગુરુદેવ



પૂજ્ય ગુરુદેવની ચાલ જુદી, પરિણતિ જુદી, દશા જુદી.

(પૂ. બહેનશ્રી)




પૂજ્ય ગુરુદેવશ્રીનાં હસ્તકમળ.




આ. રે. પૂજ્ય સદ્ગુરુદેવશ્રીનાં હસ્તકમળ.



પૂજ્ય ગુરુદેવશ્રીના
ચરણકમળ.



પૂજ્ય ગુરુદેવશ્રીના
ચરણકમળ.

ભઘા ભગવાન છો, ભગવાન થાઓ.

ભાઈ ! એકવાર હરખ તો લાવ કે અહો ! મારો આત્મા જ્ઞાન આનંદની પરિપૂર્ણ તાકાતથી ભરેલો છે, મારી તાકાત હણાઈ ગઈ નથી. 'અરેરે... હું દબાઈ ગયો, હવે કેમ મારું માથું ઊંચું થશે ?' એમ ડર નહિ... મુંઝા નહિ. એકવાર હરખ લાવ... તારી તાકાતને ઉછાળ.

(પૂ. ગુરુદેવ)





શુદ્ધ જ્ઞાયકના અંતરમુખ ઘોલનથી આત્માને આનંદ થાય છે, જે વચનાતીત છે.

(પૂ. ગુરુદેવ)

**દાદરના સમવસરણમંદિરમાં શ્રી સીમંધરદર્શન.**

જેમના જ્ઞાનસરોવરમાં સર્વ વિશ્વ માત્ર કમળ તુલ્ય ભાસે છે એવા ભગવાન
શ્રી સીમંધર આદિ જિનેન્દ્રદેવોને પરમ ભક્તિથી વંદન હો..... વારંવાર વંદન હો.





**સમવસરણમંદિર, સોનગઢ**

સમંતભદ્રસ્વામી સર્વજ્ઞપરમાત્માની સ્તુતિ કરતાં કહે છે કે,
અહો પ્રભો ! અમને આપની સ્તુતિ કરવાની ટેવ પડી ગઈ છે, એટલે
સર્વજ્ઞતા દેખતાં જ તેના પ્રત્યે બહુમાનનો ભાવ ઉલ્લસી જાય છે.

(પૂ. ગુરુદેવ)



**ફત્તેહપુરમાં ૭૦મો જન્મોત્સવ.**

ભલે સો ઇન્દ્રોનાં તુજ ચરણમાં શિર નમતાં,
ભલે ઇન્દ્રાણીના રતનમય સ્વસ્તિક બનતાં,
નથી એ જ્ઞેયોમાં તુજ પરિણતિ સન્મુખ જરા,
સ્વરૂપે ડૂબેલા, નમન તુજને, ઓ જિનવરા !



જૈનદર્શનનો એક પણ સિદ્ધાંત અંદરથી બેસી જાય એટલે આખું ચક્ર બેસી જાય. એવી જ વસ્તુસ્થિતિ છે.

(પૂ. ગુરુદેવ)

જ્ઞાનીને 'હું જ્ઞાયક છું'
એવી ધારાવાહી
પરિણતિ અખંડિત રહે
છે. તે બહારના
ભક્તિ-શાસ્ત્રસ્વાધ્યાય
આદિ પ્રસંગોમાં
ઉલ્લાસપૂર્વક જોડાતા
દેખાય ત્યારે પણ
તેમની જ્ઞાયકધારા તો
અખંડિતપણે અંદર
જુદું જ કાર્ય કરે છે.

(પૂ. ગુરુદેવ)





મોક્ષમાર્ગના પ્રણેતા
અમે આ ઉભા.
અમારા ઉપર વિશ્વાસ
મૂકી તું ચાલ્યો આવ.
(પૂ. ગુરુદેવ)



**પૂજ્ય ગુરુદેવને દૂધ પીરસતા ભક્તો.**

સ્વસંવેદન વડે
શાંતરસના પાનથી
અનાદિની તૃષા છીપી
જાય છે ને
ભવભ્રમણના થાક
ઉતરી જાય છે.

(પૂ. ગુરુદેવ)




એકવાર અંદરમાં નજર કર કે હું પણ સિદ્ધની જેમ અશરીરી છું. હું શરીરને
સ્પર્શતો જ નથી, અત્યારે પણ શરીરથી છૂટો છું. આવી શ્રદ્ધા નહિ કરે તો
જ્યારે શરીરથી છૂટો પડશે ત્યારે એની લાળ શરીરમાં લંબાશે.
(પૂ. ગુરુદેવ)



જેમ ખોરાક લીધા વિના ચાલે નહિ તેમ હંમેશા શાસ્ત્રસ્વાધ્યાય હોવો જોઈએ.
સ્વાધ્યાય એ તો આત્માનો ખોરાક છે, માટે તેનું રટણ લાગવું જોઈએ.

(પૂ. ગુરુદેવ)



પરમ પારિણામિક ભાવ છું
કારણ પરમાત્મા છું
કારણ જીવ છું
શુદ્ધ ઉપયોગોઽહં
નિર્વિકલ્પોઽહં





પર્યાય કર્મબદ્ધ થાય
છે એમ જાણે તો
પર્યાયનું કર્તૃત્વ છૂટીને
અકર્તા સ્વભાવી દ્રવ્ય
ઉપર દૃષ્ટિ જાય.
ક્રમબદ્ધ એ તો
સર્વજ્ઞતાનો પ્રાણ છે.

(પૂ. ગુરુદેવ)



વીતરાગ સર્વજ્ઞદેવ
ત્રિલોકનાથ પરમાત્મા
સો ઇન્દ્રોની ઉપસ્થિતિમાં
સમવસરણમાં
લાખો-કરોડો દેવોની
હાજરીમાં એમ
ફરમાવતા હતાં કે તું
પરમાત્મા છો એમ
નક્કી કર. ભગવાન!
તમે પરમાત્મા છો
એટલું તો અમને
નક્કી કરવા દ્યો ?—
એ નક્કી ક્યારે થશે ?
કે જ્યારે તું પરમાત્મા
છો એવો અનુભવ
થશે ત્યારે આ
પરમાત્મા છે એવો
વ્યવહાર તને નક્કી
થશે. નિશ્ચયનું નક્કી
થયા વિના વ્યવહાર
નક્કી થશે નહિ.

(પૂ. ગુરુદેવ)



મુમુક્ષુમંડળો પૂજ્ય બહેનશ્રીને 'અભિનંદન' પત્ર આદિ સમર્પણ કરતાં ત્યારે કૃપાળુ પૂજ્ય ગુરુદેવ ખૂબ પ્રસન્ન થતાં ને કહેતાં કે "બેનની તો શી વાત કરું! એમની નિર્મળ દૃષ્ટિ, નિર્વિકલ્પ અનુભૂતિ આ કાળે અજોડ છે."





શ્રી સમવસરણ - મંદિર તથા માનસ્તંભજીનાં
પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ રાજકોટ

ધીરો થા ભાઈ ! ધીરો થા. વીતરાગના ઘરની દૃષ્ટિ પામવી બહુ
અલૌકિક વાત છે. એ દૃષ્ટિ થઈ એટલે મુક્તિ થઈ ગઈ.

(પૂ. ગુરુદેવ)





બેન તો આરાધનાની દેવી છે. પવિત્રતામાં આખા ભારતમાં અજોડ છે. એમની છત્રછાયા આખા સોનગઢમાં છે. અહો! બેન તો ભગવતીસ્વરૂપ છે. એમના આ ફોટામાં કેટલા ઉંડા ભાવ આવી ગયા છે ! ફોટામાં આવા, તો અંદરમાં તો હજી કેટલા ઊંડા હશે ?

(પૂ. ગુરુદેવ)

**સોનગઢમાં પૂજ્ય ગુરુદેવશ્રી સમક્ષ આત્મહિતના લક્ષે આજીવન બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા અંગીકાર કરતી નવ કુમારિકા બહેનો.**

અધ્યાત્મરસની જે શાંતધારા વહે છે તેની મીઠાસ પાસે સંસારના વિષયો અત્યંત નિરસ છે એમ સમજીને, ચૈતન્યરસની સાધના માટે જીવન વીતાવવાની ભાવના જાગી છે. એ ભાવનાથી બહેનોએ બ્રહ્મચર્ય અંગીકાર કરી છે.

(પૂ. ગુરુદેવ)





ગુરુદેવ પ્રમોદથી કહે છે કે અહા! આ તો ચૈતન્ય પ્રભુની સાંઝી ગવાય છે.
તારા ચૈતન્યના ગુણગાન સાંભળીને તું આ સાંઝીનો લહાવો લેવા તો
આવ! એકવાર આ આત્માની વાત તો સાંભળ !



બહેનશ્રીનાં વચનામૃત ઉપર સ્વસ્તિક કરતાં પૂજ્ય ગુરુદેવશ્રી.

બેનનું પુસ્તક આવ્યું તે ઘણું ઊંચું છે. સાદી ભાષા, પણ મર્મ ઘણો. અતીન્દ્રિય આનંદમાંથી આવેલી વાત છે. એકલું માખણ ભર્યું છે.

(પૂ. ગુરુદેવ)


અનંતકાળનો થાક ઉતારવાનો આ રસ્તો છે.
(પૂ. ગુરુદેવ)



પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની જન્મ-જયંતિ પ્રસંગે આહાર લેવા પધારતા પૂજ્ય ગુરુદેવશ્રી

કહાનગુરુ બિરાજો મનમંદિરિયે,
આવો આવો પધારો અમ આંગણિયે.
શી શી કરું તુજ પૂજના, શી શી કરું તુજ વંદના,
ગુરુજી પધાર્યા આંગણે, અમ હૃદય ઉલસિત થઈ રહ્યાં.

(પૂ. બહેનશ્રી)



સ્વદ્રવ્યની અપેક્ષાએ બધા પરદ્રવ્ય છે, સ્વક્ષેત્રની અપેક્ષાએ બધા પરક્ષેત્ર અક્ષેત્ર છે, સ્વકાળની અપેક્ષાએ બધા પરકાળ અકાળ છે ને સ્વભાવની અપેક્ષાએ બધા પરભાવ અભાવ છે. આ તો બધેથી દૃષ્ટિ સંકેલવાની છે.

(પૂ. ગુરુદેવ)



ૐ

મૃતક કલેવરમાં મૂર્છાએલો એવો
અમૃત આનંદ સ્વરૂપ આત્મા પોતા તરફ
નજર પણ કરતો નથી. પોતા તરફ નજર
કરતાં સુખરૂપ અમૃતથી ભરેલો પૂર્ણ સમુદ્ર
તેને નિહાળતાં, જોતાં, અવલોકતાં, દેખતાં
માનતા અને તેમાં સ્થિર થતાં તૃપ્ત થાય
તેવી ચીજ પોતેજ છે.



મોક્ષનો માર્ગ પ્રગટ્યો તે પર્યાયને દ્રવ્યની અપેક્ષા નથી અને વ્યવહારના કારકોની પણ અપેક્ષા નથી. એ તો ષટ્કારકના પરિણમનથી સ્વતંત્રપણે ઉત્પન્ન થઈ છે. સમ્યગ્દર્શનની પર્યાયનો કર્તા પર્યાય, તેનું કાર્ય પર્યાય, કારણ પર્યાય અને સાધન પણ પર્યાય. આવી જે સમ્યગ્દર્શનની પર્યાય છે તે પણ ત્રિકાળ પરમ સ્વભાવભાવથી ભિન્ન છે.

(પૂ. ગુરુદેવ)



સોનગઢમાં વૃક્ષતળે
શાસ્ત્રવાંચન





પૂજ્ય ગુરુદેવ કહે છે
કે આ ૐ અમારું નામ
છે, ૐ અમારું ધામ
છે. ૐ તે સર્વજ્ઞ
ભગવાનની વાણી
છે. ૐ એટલે
શુદ્ધાત્મા.



ચૈનત્યનું સ્મરણ જ ભવદુઃખને મટાડવાનું અમોઘ ઓષધ છે. જ્યાં એનું સ્મરણ કર્યું ત્યાં બધાય દુઃખ અલોપ! વાહ! કેવું અદ્‌ભુત છે મારું ચૈતન્યરત્ન!

(પૂ. ગુરુદેવ)



જે ખરેખર સમસ્ત નયપક્ષો વડે ખંડિત નહિ થતો હોવાથી જેનો સમસ્ત
વિકલ્પોનો વ્યાપાર અટકી ગયો છે, તે સમયસાર છે, ખરેખર આ એકને જ
કેવળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું નામ મળે છે.





ભાઈ! તું વિશ્વાસ લાવ! કે મારા સ્વભાવના આનંદ આગળ બધી પ્રતિકુળતા અને આખી દુનિયા ભુલાઈ જાય એવી અદ્‌ભુત વસ્તુ હું છું. હું વર્તમાનમાં પરમાત્મા જ છું, મારે અને પરમાત્માને કાંઈ ફેર નથી- એમ વિશ્વાસ આવતાં ફેર છૂટી જશે ને પર્યાયમાં પરમાત્મા પ્રગટ થઈ જશે.

*(પૂ. ગુરુદેવ)*





ભાઈ! બહારના કોઈ ભાવોને વહાલા ન કર, કેમ કે તેમાં કલ્યાણ નથી. આત્માના જ્ઞાનાનંદસ્વભાવને જ વહાલો કરીને તેનો અનુભવ કર. એ જ કલ્યાણ છે, એ જ મોક્ષમાર્ગ છે, એ જ પરમસુખ છે, માટે આવા આત્માને તું વહાલો કર.

(પૂ. ગુરુદેવ)



અનંતા જીવો ભેદવિજ્ઞાન વડે સિદ્ધપદને પામ્યા છે ને પામશે. આવે છે ને ?
'ભેદવિજ્ઞાનતઃ સિદ્ધાઃ સિદ્ધા યે કિલ કેચન.' આવું ભેદવિજ્ઞાન રાગથી ભિન્ન આત્માના
સ્વભાવને અનુભવમાં લેતાં થાય છે.

(પૂ. ગુરુદેવ)



હું મારા આત્માને દ્રવ્યથી-ક્ષેત્રથી-કાળથી કે ભાવથી ખંડિત કરતો નથી. સુવિશુદ્ધ એક જ્ઞાનભાવરૂપે જ અનુભવું છું. આવો એકત્વનો અનુભવ તે જ મોક્ષમાર્ગ છે.

(પૂ. ગુરુદેવ)





આત્મા સમજવા માટે
જેને અંતરમાં ખરેખરી
ધગશ અને
તાલાવેલી જાગે તેને
સમજણનો માર્ગ
પ્રાપ્ત થયા વિના રહે
જ નહિ. પોતાની
ધગશના બળે
અંતરમાં માર્ગ કરીને તે
નિજ શુદ્ધાત્મસ્વરૂપને
પામે જ.

*(પૂ. ગુરુદેવ)*

અંતરમાં આત્માને
સ્પર્શીને થયેલો
અપૂર્વ નિર્ણય એવો
હોય કે કદાચ દેહનું
નામ ભૂલી જાય, પણ
નિજસ્વરૂપ ન ભૂલે.

(પૂ. ગુરુદેવ)





પૂજ્ય ગુરુદેવશ્રીનાં
૭૫મા હીરક
જન્મ-જયંતિ પ્રસંગે
૮૦૦ પાનાનો
હીરલે મઢેલો
'અભિનંદનગ્રંથ'
ભાવિ વડાપ્રધાન
શ્રી લાલબહાદુર
શાસ્ત્રીના હસ્તે
ગુરુદેવને અર્પણ
કરવામાં આવે છે.



ॐ

ચૈતન્ય સ્વભાવનું અજ્ઞાન તે
રાગ દ્વેષનું કર્તુત્વ મનાવે છે.
રાગ દ્વેષનું કર્તુત્વ થતાં અકર્તા એવો
જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ એની દૃષ્ટિમાં આવતો
નથી તેથી પરિભ્રમણનું મૂળ એવું રાગદ્વેષ
નું કર્તુત્વ એવું અજ્ઞાન એજ સંસારનું બીજ છે.



જ્ઞાનીના જ્ઞાનમાં તીર્થંકર વસે છે એવો અલૌકિક માર્ગ છે. આચાર્યદેવ કહે છે કે સાંભળનાર ને કહેનારના જ્ઞાનમાં અમે સર્વજ્ઞને સ્થાપીએ છીએ. અમારા જ્ઞાનમાં સર્વજ્ઞ બિરાજે છે તેથી સર્વજ્ઞના જ્ઞાન અને આજ્ઞા અનુસાર જ બધી વાત નીકળશે.

(પૂ. ગુરુદેવ)

દરેક દ્રવ્ય અન્ય
દ્રવ્યને સ્પર્શ નહીં
કરતું થકું પોતાના
સ્વભાવથી જ
પોતાના
પરિણામભાવે ઉપજે
છે એવી વસ્તુની
મર્યાદા છે. તે કારણે
આચાર્યદેવ કહે છે કે
પરદ્રવ્ય જીવને
રાગાદિ કરાવે છે
એમ અમે દેખતા
નથી, માનતા નથી.

*(પૂ. ગુરુદેવ)*





સુવર્ણપુરીમાં ઉજવાયેલી
પૂજ્ય ગુરુદેવશ્રીની
૭૭મી જન્મ-જયંતિનું
દૃશ્ય.

ગુરુદેવની જન્મ-જયંતિ
જેવા મંગલ અવસરે
અનેકવિધિ
લાગણીથી ઊભરાતા
હૃદયમાં એમ
થાય છે કે કઈ રીતે
આ ઉત્સવ ઉજવીએ ?
કઈ રીતે ગુરુદેવનું
સન્માન કરીએ ?
સોનેથી વધાવીએ,
હીરલેથી વધાવીએ કે
રત્નોથી વધાવીએ
તોપણ ગુરુમહિમા
કાંઈ પૂરી થાય તેમ
નથી.

(પૂ. બહેનશ્રી)




વિકારના ષટ્કારક તો દૂર રહ્યાં પણ જ્ઞાનની પર્યાયના ષટ્કારકના
પરિણમનું પણ લક્ષ છોડીને તેનાથી હું ભિન્ન છું એવી જ્ઞાયકભાવની દૃષ્ટિ
કરતાં સમ્યગ્દર્શન થાય છે.

(પૂ. ગુરુદેવ)



**પૂજ્ય સોગાનીજીનું 'દ્રવ્યદૃષ્ટિ-પ્રકાશ' પુસ્તક ભેટ આપતાં કૃપાનિધાન પૂજ્ય ગુરુદેવશ્રી.**

શ્રી સોગાની વૈમાનિક દેવમેં ગયે હૈ. વહાંસે નિકલકર મનુષ્યભવ પ્રાપ્ત કર ઝપટ કરેંગે ઔર વે મેરે પહલે મુક્તિમેં જાયેંગે. જબ મૈં તીર્થંકરભવમેં મુનિદીક્ષાકે સમય સર્વ સિદ્ધોંકો નમસ્કાર કરુંગા તબ મેરા નમસ્કાર ઉન્હેં ભી પ્રાપ્ત હોગા.

*(પૂ. ગુરુદેવ)*



વસ્તુમાં ગુણ-
ગુણીના કે બીજા કોઈ
પણ ભેદ નથી. રાગ
મારો એમ તો નથી,
પણ ષટ્કારોના,
ઉત્પાદ-વ્યય-ધ્રુવના કે
ગુણ-ગુણીના ભેદનો
વિકલ્પ પણ વસ્તુમાં
નથી. આહાહા!
અમૃતચંદ્રાચાર્યનો કોઈ
પણ શ્લોક હો,
અદ્ભુત વાત છે.

(પૂ. ગુરુદેવ)



અંતરદષ્ટિ કરતાં અતીન્દ્રિય આનંદ અનુભવમાં આવે છે. સ્વવિષયમાં ડૂબકી
મારી ત્યાં નિર્વિકલ્પ આનંદ ઉલ્લસે છે. સ્વસન્મુખ થતાં આત્મા પોતે
પોતાના અતીન્દ્રિય આનંદમાં લહેર કરે છે ને મોક્ષસુખનું સુધાપાન કરે છે.

(પૂ. ગુરુદેવ)



**મકાનવાસ્તુ નિમિત્તે પ્રવચન.**

અરે ભાઈ! ક્યાં તારી ચૈતન્યજાત ને ક્યાં રાગની જાત ? તેમને કર્તા-કર્મપણનો સંબંધ માનવો તે તો અનુચિત છે. ચૈતન્યમાં રાગનું કર્તૃત્વ શોભતું નથી. ચૈતન્ય-અમૃતરૂપ ભગવાન આત્મા મરેલાં જડ ક્લેવરનો કર્તા થાય એ તે કાંઈ એને શોભે છે! માટે ભાઈ! તું ચૈતન્ય અને રાગને અત્યંત જુદા જાણ.

(પૂ. ગુરુદેવ)



**સ્વાધ્યાય મંદિર, સોનગઢ.**

ચક્ષુની માફક આત્મા માત્ર જાણે-દેખે જ છે. તે પરને તો કરતો નથી, રાગાદિને તો કરતો નથી, પણ સંવર-નિર્જરા ને મોક્ષના પરિણામને પણ કરતો નથી. અહાહા! જે થાય તેનો માત્ર જાણનાર.. જાણનાર ને જાણનાર જ છે.

(પૂ. ગુરુદેવ)



**‘વચનામૃત ભવન’ના શિલાન્યાસ પ્રસંગે સુવર્ણપુરીમાં, કારતક સુદ ૫ને દિવસે પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવી રહ્યા છે.....**

દ્રવ્યમાં એક ગુણ બીજા ગુણરૂપે થાય એવી વસ્તુસ્થિતિ જ નથી. છતાં અનંત ગુણ એક દ્રવ્યમાં અભેદપણે વ્યાપક છે. અહા! આવા અભેદની જેને દૃષ્ટિ થાય તેને અંદર આનંદ ઉછળે છે.



ૐ આશીર્વાદ.

ૐ સહજાત્મસ્વરૂપ અનંત શક્તિ સંપન્ન
ચૈતન્ય ચિત્ ચમત્કાર ચિંતામણી
ભગવાન કિ જય.



પૂજ્ય ગુરુદેવનાં ચરણોમાં રહેતાં, હવે એમનાં ચરણોને હૃદયમાં રાખીને રહીએ છીએ. ગુરુદેવ ગયા ને જીવનનો ઉત્સાહ બેસી ગયો. ગુરુદેવ વિના અમારા સેવાના કાર્યો ન રહ્યા. નિત્ય વાણી વરસાવતા હતા. અમારા આંગણા સૂના સૂના થઈ ગયા..... પ્રભુ ! એક ક્ષણ પણ વિરહ ન ખમાય છતાં વર્ષો વીતી ગયા.... ગુરુદેવની હાજરી વિના બધા પ્રસંગો કેવા લાગે ? અરે ! એ ખોટ કોઈ રીતે પૂરી થઈ શકે તેવું જ નથી. ગુરુદેવ વિના કોઈ કાર્યમાં જોડાવવું કે ક્યાંય જવું ગમતું નથી.

*(પૂ. બહેનશ્રી)*

### અમારી ભાવના

**હે નાથ ! મુક્તિના પાવન પંથે આપ પ્રયાણ કરી રહ્યા છો. આપના પવિત્ર પગલે-પગલે અમે પણ ચાલીએ અને ભવિષ્યમાં આપનો ભેટો થાય એ જ અમારી ભાવના છે.**

*(આપના બાળકો)*





# સુવર્ણપુરી (સોનગઢ)





ૐ

ૐ અમારું નામ છે,
ૐ અમારું ધામ છે.
ૐ તે સર્વજ્ઞ
ભગવાનની વાણી છે.
ૐ એટલે શુદ્ધાત્મા.

ઉપર દર્શાવેલ પ્રાચીન લીપીનું 'ૐ' ચીન્હ